વિનોદલક્ષી વ્યક્તિચિત્રો

નર્મદ : એક કૅરેક્ટર

વિનોદ ભટ્ટ

VISIT…

વિનોદલક્ષી વ્યક્તિચિત્રો

નર્મદ : એક કેરેક્ટર

□

વિનોદ ભટ્ટ

આદર્શ પ્રકાશન
ગાંધી માર્ગ, જુમ્મા મસ્જિદ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧

© વિનોદ ભટ્ટ

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી, ૧૯૮૯

મૂલ્ય રૂ. ૧૧-૦૦

૧૨૩.૧૫૫૭
ભટ્ટ
૧૯૬૬

પ્રકાશક
કૃષ્ણકાંત મદ્રાસી
આદર્શ પ્રકાશન
૨૪૯૮/૧, રાયખડ રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૦૧

મુદ્રક
પંકજ બી. ભાવસાર
ભગવતી ટાઇપ સેટિંગ વર્ક્સ
ભવાનપુરા, શાહપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧

મારા પ્રિય ગદ્યકાર

શ્રી. યશવંત શુક્લને

સાદર...

વિનોદ ભટ્ટનાં પુસ્તકો

પહેલું સુખ તે મૂગી નાર (૧૯૬૨)
આજની લાત (૧૯૬૭)
વિનોદ ભટ્ટની અ-રહસ્યકથાઓ (૧૯૬૮)
વિનોદ ભટ્ટ (વિ)કૃત શાકુન્તલ (૧૯૬૮)
વિનોદ ભટ્ટના પ્રેમપત્રો (૧૯૭૨)
ઈદમ્ તૃતીયમ્ (૧૯૭૩)
ઈદમ્ ચતુર્થમ્ (૧૯૭૫)
સુનો ભાઈ સાધો (૧૯૭૭)
'વિનોદ'ની નજરે (૧૯૭૯)
અને હવે ઇતિ-હાસ (૧૯૮૧)
આંખ આડા કાન (૧૯૮૨)
ગ્રંથની ગરબડ (૧૯૮૩)
નરો વા કુંજરો વા (૧૯૮૪)
શેખાદમ...ગ્રેટાદમ... (૧૯૮૫)
અમદાવાદ એટલે અમદાવાદ (૧૯૮૫)
વિનોદવિમર્શ (૧૯૮૭)
નર્મદ : એક કેરેકટર (૧૯૮૯)
સ્વપ્નદૃષ્ટા મુનશી (૧૯૮૯)
હાસ્યમૂર્તિ જ્યોતીન્દ્ર દવે (૧૯૮૯)
કૉમેડી કિંગ ચાલી ચૅપ્લિન (૧૯૮૯)

હિન્દી

દેખ કબીરા રોયા (૧૯૮૧)

સુના અનસુના (૧૯૮૪)
ઔતાલ છપ્પીસી (૧૯૮૭)

સિન્ધી

નજર નજર જો ફેર (૧૯૮૪)

સંપાદન

શ્લીલ-અશ્લીલ (૧૯૬૭)
ગુજરાતની હાસ્યધારા (૧૯૭૨)
હાસ્યાયન (૧૯૭૮)
સારા જહાં હમારા (શેખાદમ આબુવાલા) (૧૯૮૫)
પ્રસન્ન ગઠરિયાં (ચંદ્રવદન મહેતા) (૧૯૮૭)

શ્રેષ્ઠ હાસ્યરચનાઓ :

જ્યોતીન્દ્ર દવે (૧૯૮૧)
ચિનુભાઈ પટવા 'ફ્લિસ્ટ્ર' (૧૯૮૧)
મધુસૂદન પારેખ 'પ્રિયદર્શી' (૧૯૮૧)
તારક મહેતા (૧૯૮૨)
ધનસુખલાલ મહેતા (૧૯૮૨)
વિનોદ ભટ્ટ (૧૯૮૩)

હાસ્યમાધુરી :

બંગાળી (૧૯૮૫)
મરાઠી (૧૯૮૫)
ઉર્દૂ (૧૯૮૫)
હિન્દી (૧૯૮૫)
ગુજરાતી (૧૯૮૬)
વિદેશી (૧૯૮૭)

ખુલ્લી કિતાબ જેવો માણસ

એક કવિમિત્ર હળવાશથી કહેતા હતા : 'કલમને ખોળે માથું મૂકયું એ નર્મદની ભૂલ કહેવાય, ખરેખર તો કલમના માથે પડવું જોઈએ...' પણ નર્મદે જે કંઈ કર્યું એ પૂરી સચ્ચાઈથી કર્યું હતું. આ સચ્ચાઈ તેની કલમમાંથી પ્રગટે છે. તેની ભાષામાં આડંબર દેખાતો નથી. પોતાના 'સ્વ'ને તે બરાબર પિછાણતો હતો. પોતાના વિશે નમ્ર થયા વગર તેણે લખ્યું છે : 'લોક જેને સારા કહે છે તેના કરતાં હું વધારે સારો છું, દુગુંણી નથી...' 'કોઈ વંદો, કોઈ નિંદો હું મારું કામ મારી બુદ્ધિ પ્રમાણે ને શુદ્ધ અંતઃકરણથી કર્યે જ જાઉં છું-મને મારી સરસ્વતીની રક્ષા છે ને, તેથી હું દુર્જનની થોડી જ દરકાર કરું છઉં...' 'મારા ગ્રંથ ઉપર જે સમજ વગર અથવા વિદ્વત્તા વગર ખોટી ટીકા કરે છે તેની હું દયા ખાઉં છું અથવા હાંસી કરું છઉં, પણ જે દ્વેશભાવથી કરે છે તેના ઉપર તો હું ચિડાઉં જ છઉં જ ને એ ચિડાવાને તમે અવગુણ કહો તો કહો...'

શબ્દોનું મૂલ્ય તે સારી પેઠે સમજતો એટલે ખોટા વાણીવિલાસમાં પડયા વગર જે કંઈ કહેવું-લખવું હોય તે સાદી ને સરળ ભાષામાં જણાવતો. તેના પરમમિત્ર એવા શેઠ કરસનદાસને સટ્ટામાં ભારે ખોટ આવી ત્યારે નર્મદે તેને તા. ૧૭-૫-૧૮૬૬ના રોજના પત્રમાં લખ્યું હતું : 'હું જ્યારે મુંબઈ હતો તારે તમને મળવાની ઇચ્છા થઈ હતી. એવામાં જાણ્યું કે ગભરાટમાં છે-હું ચોંકયો-મળીને દિલાસો દેવા ધાર્યો, પણ પાછું વિચાર્યું કે સુધડજનને પૂરા ગભરાટમાં જેવો દિલાસો પોતાનાથી જ, પોતાના એકાંતમાં મળે છે, તેવો એક ભણેલી, ડાહી, દુનિયાદારી જાણતી, માથે પડેલું એવી રસીક ને ચતુર પ્યારી શિવાએ બીજી કોઈ વસ્તુથી મળતો નથી..... ઉપકાર કીધા છ તેને સારૂ આ બોલાય છે એમ નથી, પણ પ્રેમનો પાશ આડો આવે છે

ને એ વાત આજ મ્હારે નવી જણાવવાની નથી, મારે એટલું જ માગી લેવાનું છે કે ચડી આવેલી વાદળી જોઈને જીવને ઉચાટમાં રાખવો નહીં—બહાદુર 'કપ્તાનની પેઠે તોફાનમાં ધીરજથી હંકારી રાખવું...' વગેરે.

આપણા એક વિદ્વાન વિવેચક કોઈને ત્યાં મળવા ગયા. યજમાને પૂછ્યું કે શું પીશો, ચ્હા-કોફી કે ઠંડું ? જવાબમાં વિદ્વાને જણાવ્યું : 'ઉષ્ણ પેય જ મારા સ્વાસ્થ્ય માટે અનુકૂળ રહેશે...' આ પ્રકારની ભાષા નર્મદને નહોતી આવડતી એમ નહીં—નવોદિત વિદ્વાનોને આજે જે શબ્દનો ઉચ્ચાર કરતાં મુશ્કેલી પડે છે એ 'વદતોવ્યાઘાત' (Contradiction in terms) શબ્દ પહેલવહેલો તેણે વાપર્યો છે, પણ તે સામાન્ય સંજોગોમાં ભાષાવિવેક ચૂકતો નહીં. ધનસુખરામજી નામના એક ઓળખીતા સજ્જનને તેણે એક પત્રમાં લખેલું : 'તામસ, અધીરાઈ અને આકળાપણું દર્શાવતો છટાથી વાંકામાં લખેલો આપનો પત્ર વાંચી મને સારી પેઠે હસવું આવ્યું છે. મને તમારી છટાથી લખતાં આવડે છે ખરું પણ તમે મારા ઉપર ઉપકાર કીધો છ. (છ'મીના બદલામાં અધીરાઈથી ચોપડીયો માંગો છે એટલે ઉપકાર કહેવો તો ન જોઈએ,) તેથી હું તમારી છટાથી લખવું દુરુસ્ત ધારતો નથી...'

*

તેણે પૂર્ણસમયના કવિ તરીકે ઘણું લખ્યું છતાં તેને ઘરવ નહોતો, તેને માથે પ્રફ તપાસવાની, સંપાદનો કરવાની, પુસ્તકો વેચવાની ને ઘર ચલાવવાની જવાબદારીઓ ન હોત, ને નાણાંની હંમેશની તંગી ન હોત તો નિરાંતવા જીવે તે ઘણી કવિતાઓ કરી શક્યો હોત એમ તેણે અનેકવાર કહ્યું છે.

પૂર્વ નર્મદ કરતાં ઉત્તર નર્મદ આર્થિક રીતે વધુ પરેશાન થયો એક નવલકથાકાર મિત્રના મતે પૂર્વ નર્મદ તો હતો જ—એ તેની રીતે જીવી ગયો, પણ ઉત્તર નર્મદ આપણે બનાવ્યો છે, આપણા

સમાજે બનાવ્યો છે, રિબાવ્યો છે. આમ જોવા જઈએ તો એ માટે ખુદ નર્મદ જ જવાબદાર છે, તેનો ઉડાઉ સ્વભાવ, અવ્યવહારુપણું કારણભૂત છે. છતાં મહત્ત્વની વાત એ છે કે તે ધનથી ને તનથી તૂટી ગયેલો, પણ મનથી તે છેક સુધી સાબૂત રહેલો, પ્રામાણિક અને નિખાલસ રહેલો. મરવાના થોડા સમય અગાઉ પત્ની ડાહીગૌરીની માફી માગતાં તેણે કહ્યું હતું : 'મારી સ્વચ્છંદી ચેષ્ટાથી ડાહી ! તારા સિવાય બીજા કોઈને મેં ઝાઝું નુકસાન કર્યું નથી. તેં બહુ જ સહન કર્યું', સ્ત્રીસ્વભાવ પ્રકૃતિએ સહનશીલ છે, પણ તેને પણ શોભાવે એવું ધૈર્ય ને શાંતિ તેં અસ્ખલિત જાળવી રાખ્યાં, ને ઈશ્વરભાવે મારી નિરંતર સેવા કરી... મેં તારો ઘોર અપરાધ કર્યો છે છતાં તારી શુદ્ધભક્તિમાં તેં રજમાત્ર ન્યૂનતા રાખી નથી...'

નર્મદ તેના જમાના માટે જ નહીં, આ લખનાર માટેય પડકારરૂપ પુરવાર થયેલો. પ્રકૃતિએ તે ગંભીર. તેનામાંથી હસવા જેવું કેટલું નીકળે ! મેં નર્મદની જ મદદ માગી. તેણે આપી, આપવામાં તેણે કયારેય કચાશ કરી નથી.

આ લેખશ્રેણી 'જન્મભૂમિ-પ્રવાસી' તથા 'ગુજરાતમિત્ર'માં એક સાથે છપાઈ, હરીન્દ્ર દવે અને ભગવતીકુમાર શર્માએ ભારે ચીવટથી તે છાપી-તેમનો દિલી આભાર. ડૉ. મધુસૂદન પારેખ, મોહમ્મદ માંકડ, રમેશ ભટ્ટ ને રતિલાલ બોરીસાગર જેવા મિત્રોએ ધીરજપૂર્વક લેખમાળા વાંચી ફરજ લેખે કરવાં જેવાં સૂચનો કર્યાં જેની અહીં નોંધ લઉં છું.

નવલકથા પ્રકારના ક્રમાંક દીકરા તરફ પ્રકાશકને વધુ ભાવ હોય, એ છાપવાનો વધુ ઉત્સાહ હોય એ સ્વાભાવિક છે. પણ ભાઈ કૃષ્ણકાન્તે આ ચરિત્રો છાપવાય ઘણો ઉમળકો બતાવ્યો એનો આનંદ અહીં વ્યક્ત કર્યા વગર રહી શકતો નથી. બાકી તો-

૭, ધર્મયુગ કૉલોની, વેદ મંદિર પાસે, —વિનોદ ભટ્ટ
કાંકરિયા રોડ, અમદાવાદ ૩૮૦ ૦૨૨ ૧-૧૨-'૮૮

૬૬૬૬

હિન્દી સાહિત્યના ખ્યાતનામ હાસ્યકાર હરિશંકર પરસાઈ આજે લગભગ ૬૫ વર્ષના છે ને કલમજીવી છે, કલમ પર આટલાં વર્ષ સારી તંદુરસ્તીથી જીવી શકાય છે એમ તેમણે પુરવાર કર્યું છે. પણ આશરે ત્રીસેક વર્ષ અગાઉ તેમણે પોતાના જીવનની બે મહેચ્છાઓ પ્રગટ કરી હતી : "મારી ખાસ ઇચ્છા છે કે મારા હાથે બે કામ થાય....બૅન્કમાં ખાતું ખોલાવાય અને ઇન્કમટેક્સ ભરાય....'

નર્મદનું બૅન્કમાં ખાતું હતું કે નહીં એ અંગે તેણે પોતાની આત્મકથામાં નોંધ્યું નથી; પરંતુ કવિ તરીકે પ્રખ્યાત થયા બાદ પણ તે ઇન્કમટેક્સ ભરતો. ઇન્કમટેક્સ કમિશનરે એક વખત તેના પર વધુ સરચાર્જ ભરવાનું પત્રક મોકલ્યું હતું. કમિશનર કર્ટીસ વર્તનમાં કર્ટ હતો. પ્રજા તેનાથી ગભરાતી, તેની સાથે ઘર્ષણમાં ઊતરવા કરતાં માગેલ વેરો ભરી દેવાનું પસંદ કરતી. વધુ સરચાર્જના સંદર્ભમાં નર્મદ તેને મળવા જતો હતો ત્યારે કેટલાક મિત્રોએ તેને સત્તા આગળ શાણપણ નહીં બતાવવા કહેલું. મિત્રોને એવો ડર હતો કે કમિશનર સાથે તે અકડી જશે તો તેને કદાચ જેલમાં પૂરી દેશે.

પણ નર્મદ ગાલ્યો ન રહ્યો. કમિશનર પાસે જઈને તેણે સુણાવી દીધું : 'મારી આવક મેં સાલેમલ્લી (SOLEMNLY) ડિકલેર કર્યા પછી પણ મારા સરખા જાહેર

માણસની સાચવટ પર આવી શંકા કરવામાં આવે છે !.... જુઓ, આ પ્રમાણે નાણાં સંબંધી વિગતો, આ પ્રમાણે આબરૂ ને આ પ્રમાણે મારો જોસ્સો છે. સરચાર્જ વધારે માગશો તો હું આપવાને તૈયાર છઉં, પણ મને લાગે છે તે જાહેર કરું છું....' અગાઉ આ રીતે કોઈ માણસને કમિશનરે રુઆબથી બોલતો સાંભળેલો નહીં એટલે જરા કરડાકીથી તેણે જણાવ્યું : 'એવું ભાષણ ઘરમાં કરવું....' પણ આ માણસ સાચૂકલો છે, એમ એની આંખ પરથી જણાતાં તેનો સરચાર્જ ઘટાડવામાં આવ્યો હતો. આ વાત સવાસો વર્ષ કરતાંય જૂની છે. એ સમયે માણસ 'ડિસઓનેસ્ટી'ને મોટી ગાળ ગણતો. પૈસા કરતાંય આબરૂની કિંમત ઊંચી મૂકતો. (નર્મદનો જ સમકાલીન મિત્ર કરસનદાસ 'સત્યપ્રકાશ' નામનું અખબાર ચલાવતો, જેમાં વૈષ્ણવ સંપ્રદાયના મહારાજો વિશે બેફામ, પણ સાચું લખતો. ગાદીપતિઓ વિરુદ્ધ તે લખતો અટકે એ વાસ્તે તેને રૂપિયા એક હજારની લાંચ મોકલવામાં આવી હતી જે તેણે ઠુકરાવી દીધી હતી.) આજે પરિસ્થિતિ જુદી છે. આબરૂ વિશેના ખ્યાલો બદલાઈ ગયા છે. જેને ત્યાં ઇન્કમટૅક્સ ખાતાના દરોડા વધુ વખત પડે ને મોટા જથ્થામાં કાળું નાણું પકડાય એવા ઇજ્જતદાર આનદાનને ત્યાં પોતાની દીકરી પરણાવવાની મા-બાપ મંછા રાખે છે....ને ત્રીસ-પાંત્રીસ લાખ રૂપિયાનો ઇન્કમટૅક્સ ભરવાનો બાકી હોય એવા હિન્દી ફિલ્મોના કલાકારોનું નામ છાપામાં આવે એટલે પ્રસન્ન થઈને તે પોતાના મિત્રો આગળ શેમ્પેઇનની નદી વહેવડાવતા હોય છે....

કોઈથી ગાંજ્યો ન જાય એવો, ખુલ્લી કિતાબ જેવો આ જણ મારું અત્યંત પ્રિયપાત્ર છે. અકડુ, અહંવાદી, ઈર્ષ્યા, કામ, ક્રોધ ને નશાબાજી જેવા અનેક દુર્ગુણોથી ભરેલો હોવા છતાં તેના પર લગીરે દુર્ભાવ જાગતો નથી.... નર્મદના પ્રેમપત્રો હજી પણ તેના કોઈ સુરતવાસી સ્નેહીઓ પાસે સંગ્રહાયેલા પડ્યા છે. આપણા વાર્તાકાર ધૂમકેતુએ જણાવ્યું હતું કે એ પ્રેમપત્રો આજે પ્રગટ કરવામાં આવે તો એથી નર્મદની કીર્તિને સહેજ પણ ઝાંખપ લાગે તેમ નથી. ધૂમકેતુના આ મતની નીચે આ લખનાર 'Do' કરે છે....કીર્તિના એફિલટાવર પર ઊભા રહેલા નર્મદની 'ઇમેજ' પર આવા કશાની અસર પડે તેમ નથી. મણિલાલ નભુભાઈ દ્વિવેદીની આત્મકથા યથાતથ પ્રગટ થયા પછી તેમની આબરૂને ગ્રહણ લાગવાને બદલે તેમની નિખાલસતાથી પ્રજા પ્રભાવિત થઈ છે. ગાંધીજી પહેલાં નર્મદ અને મણિલાલે આત્મકથા લખી હતી.... મણિલાલની આત્મકથા વધુ સ્ફોટક ગણાય....કદાચ એટલે જ તેમણે હયાતી દરમિયાન તે તાળા-કૂંચીમાં રાખી હતી ને અવસાનના થોડા સમય અગાઉ તેમણે પોતાના અંગત અને વિશ્વાસુ મિત્ર એવા આનંદશંકર ધ્રુવને, પોતાના મરણ બાદ જ આ આત્મકથા છાપવાની સૂચના સાથે સોંપી હતી. આનંદશંકર બ્રાહ્મણજીવ, મણિલાલની આત્મકથા વાંચીને ત્રણ વાર સ્નાન કર્યું હશે. ત્રણ દાયકા સુધી તેમણે તે સંતાડી રાખી હતી; 'A' સર્ટિફિકેટવાળી આત્મકથા છપાવાની હિંમત તેમણે નહોતી કરી. પણ કેટલાક કુતૂહલપ્રિય

આત્માઓએ તે જાહેર મિલકત પ્રજા આગળ મૂકવા ઊહાપોહ કર્યો ત્યારે ડરતાં ડરતાં; સેન્સર કરીને અમુક ટુકડા છાપ્યા હતા.

પણ નર્મદે પોતાની આત્મકથા થોડાક મિત્રોને વંચાવી હતી ને પછી જીવતે જીવ તે પ્રગટ કરી દીધી....આત્મકથા લખવાનું કામ અઘરું ને જોખમી હોવા છતાં જાહેર માણસે પોતે જ આત્મકથા લખવાનું સાહસ ખેડવું જોઈએ; નહીં તો ચર્ચિલ જેવું થાય. ચર્ચિલના રહસ્યમંત્રીનો હોદ્દો ભોગવતા સર જોન કોલવિલે 'ચર્ચિલયન્સ' પુસ્તક પ્રગટ કરીને ચર્ચિલના જીવનની કેટલીક અંગત વાતો પ્રગટ કરી દીધી છે. રહસ્યમંત્રી કે જે રહસ્યો જાળવવાના કામે નિમાયો હોય છે તેણે જ ઊઠીને ચર્ચિલના જીવનનાં રહસ્યોનું અનાવરણ કરી નાખ્યું ! ચર્ચિલ યુવાન રાણી એલિઝાબેથ સેકન્ડ સાથે પ્રેમમાં પડેલા એ વાત જાહેર કરી દીધી. રાણી એલિઝાબેથ સત્તા પર આવ્યાં ત્યારે ૭૭ વર્ષના ચર્ચિલ તેના વડા પ્રધાન બન્યા ને સતત સંપર્કમાં રહેવાથી રાણીના પ્રેમમાં ગિરફ્ત થઈ ગયા. (રાણીને આ વાતની કદાચ ખબર પણ નહીં હોય !) ચર્ચિલ હંમેશાં રાણીમાં ખોવાયેલા રહેતા ને પોતાના પલંગ પર રાણીની તસવીર ટીંગાડી રાખતા. ઇંગ્લેન્ડની રાણી તેમના હૃદયની રાણી બની ચૂકી હતી. આજે ચર્ચિલ, રાણી-રુદિયાના રાજા-રાણીની આ વાતનો, રદિયો આપવા આવી શકે તેમ નથી.

પણ આ બાબતમાં હોલીવુડની પ્રસિદ્ધ નટી ઇન્ગ્રીડ

બર્ગમૅન – સ્ત્રી હોવા છતાં ચર્ચિલ કરતાં વધુ શાણી ગણાય. તેણે પોતાની આત્મકથા 'MY STORY'ની પ્રસ્તાવનામાં લખ્યું છે : 'મેં મારાં સંસ્મરણો લખવાનો ઇન્કાર કર્યો હતો. છેલ્લા વીસ વરસથી હું તે ટાળતી હતી. મારા દીકરા રોબર્ટે મને કહ્યું : 'મૉમ, તને ખબર છે કે તું મરી જઈશ પછી ઘણા લોકો તારી જીવનકિતાબ લખવા દોડધામ કરી મૂકશે. તે ગયસપ (ગૉસિપ)ની કૉલમોમાંથી અફવાઓના ગુબ્બારા કે ઇન્ટરવ્યૂમાંથી ચટાકેદાર મસાલો એકઠો કરીને છાપી મારશે ત્યારે અમે – તારાં જ સંતાનો – બચાવ નહીં કરી શકીએ; કેમકે સાચું શું છે એ અમે જાણતાં જ નથી. હું તો ઇચ્છું કે જે સત્ય હોય એ તું લખતી જા....' બસ, આ વાતે મને ચોંકાવી દીધી. પ્રચંડ આઘાત લાગ્યો 'મારાં બાળકો, આ છે સત્ય'

આપણો નર્મદ પણ સત્યને વરેલો છે, અને સત્ય પણ કેવું! 'I∘S∘I∘' માર્કાનું.... આત્મકથાના પ્રારંભે જ તે જાણે અદાલતમાં ગીતા પર હાથ મૂકીને બોલતો હોય એ રીતે પોતાના હૃદય પર હાથ મૂકીને કહે છે : 'જે હું લખીશ તે તે મારી જાણ પ્રમાણે સાચું જ લખીશ, પછી તે મારું સારું હો કે નરસું હો, લોકને પસંદ પડો કે ન પડો....' સાલ ને તિથિ ખોટી ના પડે એ માટે આત્મકથામાં પોતે જણાવેલ વિગતોમાં જે ઈસવીસન અને વિક્રમ સંવત આવે છે તેની મેળવણી કાજે બત્રીસ વર્ષનાં પંચાંગો ઊથલાવીને છ મહિના સુધી તેણે ચકાસણી પણ કરી છે.

આત્મકથામાં જાણેઅજાણે કોઈને અન્યાય ના થઈ જાય તેની ચોકસાઈ રાખવાય તેણે પ્રયત્ન કર્યો છે. કવિ હીરાચંદને તે જણાવે છે: 'મિથ્યાભિમાનખંડન તમે કીયા પ્રસંગથી લખ્યો છે એ વિશે મારે 'મારી હકીકત'માં લખવું છે; ને એને માટે મને બહારથી કેટલીક ખબર મળી છે કે ભોગીલાલે તમારી ચોપડી લીધી નહીં તેથી ડેપ્યુટીઓ ઉપર અને દલપતરામના કહ્યાથી મારા ઉપર તમે લખ્યું છે, પણ એ બન્ને વિશે સવિસ્તર હકીકત જાણવી છે, માટે જે સત્ય હોય તે યથાસ્થિત લખી મોકલવું....' કવિ હીરાચંદ કાનજીએ દલપતરામના ચડાવ્યાથી નર્મદની વિરુદ્ધનું કાવ્ય 'મિથ્યાભિમાનખંડન' લખ્યાની કબૂલાત નર્મદ આગળ કરી હતી. વાતમાં બાસ માલ નહોતો, મિ. હોપે આ કવિ હીરાચંદને પાકશાસ્ત્ર રચવાની વરદી આપી હતી. (એ જમાનાના કવિઓ પણ સારા રસોઇયા હોવા જોઈએ....હાલના આપણા કેટલાક કવિઓને સ-રસ રસોઈ બનાવતાં આવડે છે.) હીરાચદે પાકશાસ્ત્ર લખ્યું જે નાપાસ કરવામાં આવ્યું. તેને એમ કહેવામાં આવ્યું કે આ બધાં નર્મદનાં જ કારસ્તાન છે, તેણે જ તારી ચોપડી નાપાસ કરાવી છે. હીરાચંદ પાકશાસ્ત્રમાં પાકો હશે, પણ કાનનો કાચો નીકળ્યો એટલે તેણે ગુસ્સે ભરાઈને નર્મદને આંખ સામે રાખીને 'મિથ્યાભિમાનખંડન' રચ્યું. આ કાવ્યની બે પંક્તિઓ આ છે: 'ઘણા માસ્તરો લઈ ફરે છે, ગુણી ગુજર્જરી બોડવાનું કરે છે; કવિ લૌ પવી પાશ પેરા ભરે છે, જુઓ સાર કેવો પીછે નીસરે છે! (આ પંક્તિ વિશે

એક પ્રશ્ન M.A.ની પરીક્ષામાં ગોવર્ધનરામ ત્રિપાઠીએ પૂછ્યો હતો.)

નર્મદે એ વાતે ખાસ તકેદારી રાખી છે કે તેના સંપર્કમાં આવેલ વ્યક્તિઓ, એમાંય ખાસ કરીને સ્ત્રીઓની આબરૂને જરા ન પહોંચે એટલા માટે પોતાના જીવનની કેટલીક ખાનગી વાતો તે કહેતો નથી; પણ જે કંઈ કહે છે તેમાં કોઇપણ પ્રકારની દિલચોરી કે અસત્યની ભેળસેળ તે થવા દેતો નથી. અનેક સ્ત્રીઓ સાથે તેણે સંબંધ રાખ્યો હતો એ અંગે વિગતે નહીં લખવાનું કારણ એટલું જ કે તે સ્ત્રીઓ જીવતીજાગતી બેઠી હતી. તોપણ ફોડ પાડ્યા વગર તે જણાવે છે : 'એક કુળવંતી ડાહી સ્ત્રીનો સહવાસ થયો અને એથી મારું સમાધાન થયું.' (અહીં તેણે 'ડાહી' શબ્દ વિશેષણ લેખે વાપર્યો છે. તેની પત્નીનું નામ પણ ડાહી હતું). પણ પોતાને માટે તે ખુલ્લાશથી ને મોજથી માહિતી આપે છે : 'હું ભાંગ પીતો, પાક ખાતો (બીજી જાતની કોઈ પણ કેફ કરતો નહીં) અને બૈરાંઓમાં મ્હાલતો. એકાંતમાં હું નામ મેળવવા (પૈસા મેળવવા નહીં) અને પ્રેમસંબંધી વિચારો કરતો.' પોતાને અંગે જાહેરમાં બિંધાસ્ત લખવા માટે જબરદસ્ત હિંમત જોઈએ. વરસ્ર્વર્થે તેની આત્મકથા પ્રગટ થયાના ૨૪ વર્ષે, તેની બીજી આવૃત્તિમાં, તેના લગ્નેતર સંબંધની પ્રેયસીને તેનાથી થયેલ સંતાનનો ઉલ્લેખ રદ કર્યો હતો ને ગ્લ્યુ ફિલ્મની નટીએ તેની આત્મકથા 'THE ORDEAL'માં ઘણાં નામો બનાવટી આપ્યાં છે. કોઈ મારી

નાખે એ ભયે પોતાનું નામ પણ ખોટું લખ્યું છે....જ્યારે નર્મદે બધું નિખાલસતાપૂર્વક જાહેર કર્યું છે. કોઈકે તેના પર આક્ષેપ કર્યો કે તમે દારૂ પીઓ છો ત્યારે જવાબમાં તે કહે છે: 'બે-ચાર દોસ્તમાં મને કોઈવાર દારૂ પીવાને કહે છે તો હું પીઉં છું—દારૂ પીવામાં બાધ નથી, એમ જણાવીને, બાકી કોઈ દા'ડો તંદુરસ્તીને માટે કે શોખને માટે પીતો નથી. વસ્તુતઃ હું પીતો જ નથી. મને એનું વ્યસન નથી. કેળવણી વધશે એટલે લોક દારૂને ઘી—તેલ રીતે વાપરશે....'' આટલાં વરસો પછી એ કેટલું બધું સાચું લાગે છે! (બાય ધ વે, 'વિનોદની નજરે'માં નાટચ કલાકાર પ્રવીણ જોશી વિશે લખવાનું હતું ત્યારે તેણે મને કાનમાં કહ્યું હતું: 'મિત્ર, મારી દારૂની લત વિશે કશો ઉલ્લેખ ના કરશો, મારા ચાહકોમાં ગેરસમજ થશે....' ને મેં તો જાણે વચન પાળ્યું. તેના મદ્યસેવનનો ઉલ્લેખ ટાળ્યો, પણ વધુ પડતા સુરાપાનથી એક દિવસ તે બાલકની બહાર ફેંકાઈ ગયો ને જીવનનું બૅલન્સ ચૂકી ગયો.)

પોતાના વિશે કોઈ શું ધારશે એની પરવા નર્મદે કયારેય કરી નથી તેણે લખ્યું છે: 'મારા માટે તો હું થોડી જ દરકાર રાખું છું!' પોતે શું છે એની તેને પાકી અબર છે. આથી જ તેનો નિબંધ નાપાસ થતાં 'કરણઘેલો ફેઇમ' નંદશંકર તુળજાશંકર મહેતાને તે ગર્વથી લખી જણાવે છે: 'તમારા મનમાં મારા વિશે સ્વર્ગ જેટલો ઊંચો કે પાતાળ જેટલો નીચો વિચાર હો, તમે મારા કટ્ટા વેરી હો કે સાચા



સ્નેહી હો, પણ હું તમારા શહેરમાં એક કૅરેક્ટર છઉં. પછી ગમે તેવો; એ જ વિચાર મારું અભિમાન રાખવાને બસ છે એમ હું અભિમાનથી કહું છઉં, ને તમે એ અભિમાન ઉપર હસશો—હસો હવે....'

*

નર્મદે કહ્યું છે એમ તે ખરેખર એક 'કૅરેક્ટર' હતો. જન્મથી જ અર્ચાળ—તેનું મુખારવિંદ જોવાનો અર્ચ રૂપિયા સો કર્યા પછી જ તેના પિતા લાલશંકર તેને જોઈ શકેલા. તેનો ચહેરો જોવા માટે તેના પિતાને સો રૂપિયાની ચાકી બેસી ગઈ હતી. તે જ્યેષ્ઠ નક્ષત્રમાં જન્મ્યો હતો. આ નક્ષત્રમાં જન્મેલું બાળક પિતા માટે બોજારૂપ બનતું હોય છે એટલે આ જ્યેષ્ઠ નક્ષત્રની શાસ્ત્રોક્ત વિધિ અનુસાર શાંતિ કરાવ્યા પછી બાપ તેના બાળકનું મુખ જોઈ શકે એવી રૂઢિ એ કાળમાં હતી, પણ નક્ષત્ર નહીં નડવાની વિધિ કરાવવા છતાં આ બાળક તેના બાપને માટે જ નહીં, રૂઢિવાદી સમાજ માટેય ભારરૂપ સાબિત થયેલો.

તે જન્મ્યો ત્યારે તેનો ચહેરો વિચિત્ર ને માથું ઘણું લાંબું હતું. પછી માથું, શબ્દાર્થમાં, ઠેકાણે આવી ગયેલું... ચહેરો પણ આકર્ષક હશે. એ વગર કુળવંતી ડાહી સ્ત્રીઓ એના પર ઓળઘોળ થાય! તેને જોનાર એક મિત્રે તેનું આ પ્રકારનું ચિત્ર દોર્યું છે: 'કસુંબાની લાલચોળ પાઘડી, કસવાળું—કલ્લી ચડાવવાનું ડાઘ વિનાનું સફેદ અંગરખું, ત્રણ આંગળ પહોળી રેશમી કિનારનું ધોતિયું, સુગંધથી

બહેકતું શરીર, પાનના સુવાસિત મુખવાસથી લાલચોળ ઓષ્ઠ-આવો એક ફાંકડો રસિક નાગરિક તે નર્મદ....' દયારામની રસિકતા સાથે સ્પર્ધા કરી શકે, પણ દયારામની જેમ કોઈના હાથે જાહેરમાં પિટાય નહીં એવો ચતુર રસિકજન....રસિક ખરો, પણ લંપટ નહીં એવો સુરતી લાલો, સહેલાણી, બાંકો ને ફાંકડો. ચિંતક જેવી ગંભીર મુખમુદ્રા દેવદાસની પેઠે ગમગીન રહેવાની પ્રકૃતિ (જે તેણે મા પાસેથી વારસામાં મેળવી હતી) ત્રણત્રણ ડાહી કુળવંતી નારીઓનો નાવલિયો ને બબ્બે વિધવાઓનો તારણહાર.... એ સમયનો ડૉન જુઆન. કોઈકને વિચાર આવે કે આ માણસ આટલા બધાંને શું બવરાવતો હશે ? પણ આ લખનારને થાય છે કે આ બધાંને બવડાવ્યા કેડે પોતે શું ખાતો હશે ?

જોકે જન્મનાં બે વરસ સુધી તે અન્ન નહોતો ખાતો, દૂધ અને ચાટણથી શરીરની બાંધણી કરી હતી. અન્ન નહીં ખાવાની પ્રેક્ટિસ કવિને નાનપણથી પડી હતી. (ઈશ્વર કવિતા અને ભૂખ સાથે નથી આપતો. એક દિવસ આ કવિને બે આનાના દૂધ ને બે આનાના પૌંઆથી જ દિવસ ખેંચી નાખવો પડશે, એની અંતર્યામીને જાણ હશે.)

બાળપણમાં તે સહેજ પણ તોફાની નહોતો, તોફાનો તેણે મોટી ઉંમરે શરૂ કરેલાં. તોફાન ને ધિંગામસ્તી કરવાની ઉંમરે તે ઠાવકો હતો; એટલે જ કદાચ 'સાયકોલોજિકલ રીએકશન' મોટપણે આવ્યું હશે !-પણ ધાર્યું ન થાય ત્યારે ખૂણે ભરાઈને ધીમા પણ એકધાર્યા અવાજે રડી પોતાની

નારાજગીની જાહેરાત કરતો. મા-બાપ સિવાયનાં કોઈને જોઈ શરમાઈને ખૂણામાં કે માની સોડમાં ભરાઈ જતો– એ બધી શરમ ઉંમરે પહોંચતાં તેણે નેવે મૂકી દીધી. નાનપણમાં રાતે બીક લાગતાં તે ચીસ પાડી ઊઠતો. એ જ બાળકે મોટી ઉંમરે ઘણાને રાડો પડાવી દીધેલી. નાની ઉંમરમાં તેની પાસે જે કંઈ હતું તે મોટા થતાં તેણે ખોઈ નાખેલું. શાળામાં તેને ગણિત સારું આવડતું, દાદાભાઈ નવરોજી પાસે તે ગણિત શીખેલો; પણ કવિ થતાં ચડેલું ગણિત ઊતરી ગયું, સાવ ભૂલી જવાયું.... ને ગણિતના આ અજ્ઞાને તેને જીવનના અંત લગી પજવ્યા કર્યું.

શાસ્ત્રો ઈશ્વરકૃત નથી, માનવસર્જિત છે, એમ કહીને નાસ્તિકનું બિરુદ પામનાર નર્મદ બચપણમાં અંધશ્રદ્ધાળુ એવો કે કોઈ છોકરાનું થૂંક ઊડ્યું છે એવો તેને વહેમ થતાં જ પોતાના હોઠને લોહી નીકળતાં સુધી તે અંગરખાની ચાળ વડે ઘસ્યા કરતો. નિશાળે જતાં, રસ્તામાં આવતા કાલિકાદેવીનાં દર્શન કરી બોલતો : 'હું અપરાધી છઉં, ક્ષમા કરજે ને મા મારું સારું કરજે....' ને પ્રાયશ્ચિતરૂપે પોતાના ગાલે તમાચા મારતો. આ જ જણે મોટી ઉંમરે જાહેર કર્યું હતું : 'હું તમારા જેવો ગુપ્ત પાપી નથી, તમારા કરતાં ઘણો જ સારો છું, ચારિત્ર્યવાન છઉં....' (નિષ્કર્ષ : મદ્યપાન ને પરસ્ત્રીગમનને ચારિત્ર્ય સાથે કોઈ લેવાદેવા નથી....).

*

નોકરીને નર્મદે પહેલેથી જ ગંભીરતાપૂર્વક લીધી નહોતી. જીવનની પહેલી નોકરી રાંદેરની સરકારી ગુજરાતી નિશાળમાં રૂપિયા ૧૫ના પગારથી શરૂ કરી હતી. અને એ પણ બેઠાથી બેગાર ભલા એવા ખ્યાલથી લીધી હતી.

જાણે સહેલ કરવા નીકળતો હોય તેમ સવારે હોડીમાં બેસી સામે કિનારે જતો. કિનારા પર જો ઘોડો મળી જાય તો તેના પર સવારી કરી રાંદેર સ્કૂલમાં પહોંચી જતો. (ઘોડેસવારીના આ શોખને કારણે જ તેણે ત્રણ ત્રણ વખત લગ્ન કર્યાં હશે !) સ્કૂલે પહોંચી સાડાસાત વાગે મલાઈ મગાવી, આઈને થાકચો-પાકચો (!) સૂઈ જતો. કામ શરૂ કરતાં પહેલાં તેને થાક લાગતો. નવેક વાગે ઊઠી, 'ગુડ મૉર્નિંગ' કરી દસ વાગ્યા સુધી છોકરાંને ભણાવતો. પછી પહેલા વર્ગનાં બાળકોને થોડું શીખવતો. ત્યારબાદ 'ફ્રેશ' થવા તાપીમાં નાહવા જતો. ત્રણેક કલાક નદીમાં, પાણી સાથે તોફાન કરી બે વાગે ઘેર પહોંચતો, ત્રણ વાગે જમતો, આ દરમિયાન શાળામાં 'મૉનિટરો' શીખવતા. જમીને પાછો બે કલાક ભણાવે. સાત વાગે ઘેર આવીને સૂઈ જતો....આ તેનું ટાઈમટેબલ, પણ પરીક્ષાઓ આવે ત્યારે રાંદેરમાં રાત રોકાઈને છોકરાંને અભ્યાસ કરાવતો.

એક દિવસ ગ્રેહામ નામના સાહેબ સ્કૂલની વિઝિટે આવ્યા. સવારે તે સ્કૂલે પહોંચ્યા ત્યારે આપણા નર્મદાશંકર માસ્તર બાજુના ઓરડામાં મીઠી નીંદર લેતા હતા. ગ્રેહામ-સાહેબ નર્મદાશંકરની ખુરસી પર ગોઠવાઈ ગયા. આંખો

ચોળતા આવતા નર્મદને ગ્રેહામે પૂછયું : 'આ શી સુસ્તી ?' જવાબમાં તેણે બેફિકરાઈથી જણાવ્યું : 'રાતે ઉજાગરા કરીએ છ; ને વરઢી વના, કેમ તૈયારી કરી શકાય ?' પછી પરીક્ષા શરૂ થઈ. ગ્રેહામના આશ્ચર્ય વચ્ચે છોકરાઓને પુછાયેલ પ્રશ્નોના ઉત્તરો ફટાફટ મળવા માંડયા. આ માસ્તર માત્ર ઊંઘતો જ નથી, ભણાવે છેય ખરો એવી છાપ ગ્રેહામ પર પડી ને તે રાજી થયા, પણ નર્મદ રાજી ન થયો. નિરીક્ષક અણચિંતવ્યા જ શાળા પર હલ્લો કરે એ નર્મદને નહોતું ગમ્યું....ઊંદરનો શિકાર કરવા આવનાર બિલ્લીએ ઝાંઝર પહેરીને આવવું જોઈએ એમ, તે માનતો હશે!

રાંદેર છોડી તેણે સુરતમાં, ઘરઆંગણે નોકરી લીધી. સવારે સાડા દસે પાન-બાન ખાઈ ઓહો કરી નિશાળે જાય. છોકરાંને ભણવાનો આવે એથીય વધારે કંટાળો નર્મદને ભણાવવાનો આવે. છોકરાંમાં ભણવાની વૃત્તિ, જેમ આજે નથી તેમ એ વખતે પણ નહીં; ખાસ ભણાવવા જેવું નહીં ને માસ્તરની આબરૂ ઓછી, સ્ટેટસ જેવું નહિ. સ્કૂલમાં ઊંચી નોકરી માટે ફાંફાં માર્યાં, પણ કંઈ જામ્યું નહીં.... એટલામાં વળી પ્રસિદ્ધિ મેળવવાના જોસ્સાનો 'ઍટેક' આવ્યો. સુરત પરથી મન ઊડી ગયું. રાજીનામું આપી તે મુંબઈ ભેગો થઈ ગયો.

મુંબઈમાં એક ધનિકને ત્યાં, તેના ચિરંજીવીને અંગ્રેજીનું ટ્યૂશન આપવા જતો, ફી રૂપિયા પચીસ....પણ એ છોકરાનું ભણવા તરફ ચિત્ત નહીં, ભણતાં ભણતાં તે વારંવાર ઊભો

થઈ જતો ને મગજને ખુલ્લી હવા મળે એ વાસ્તે બહાર ફરી આવતો. ભણવા માટે છોકરો 'ગુડ ફોર નથિંગ' જેવો જણાતાં, નાહકનો પગાર બાવા કરતાં ટ્યૂશન છોડી દીધું. ભલે તે બેકાર હતો, છતાં આમાં વખત નકામો બગડે છે એમ તેને લાગતું. ભણાવવા કરતાં ભણવામાં ઓછી માથાકૂટ હોય છે, એમ જણાતાં તેણે ફરી ભણવાનું શરૂ કર્યું. ગમ્મત ખાતર ને સમયનો સદુપયોગ કરવા તેણે સો લીટીનું એક જોડકણું અંગ્રેજીમાં લખી નાખ્યું. પ્રોફેસર મિ. રીડે તે જોઈને જ નર્મદને હસી કાઢ્યો એટલે આપણે સહેજમાં લૉર્ડ ટેનિસન જેવો એક કવિ ગુમાવ્યો....

*

કવિતાક્ષેત્રે શરૂઆતમાં નર્મદ 'નિર્દોષ' હતો. 'જીવ તું શીદને ચિંતા ધરે' એ પદ દયારામનું છે એની તેને જાણ નહોતી. દયારામનું હોય તો પણ તેને કશો ફરક નહોતો પડતો. પત્ની ગુલાબ ગુજરી ગઈ એટલે પિતા લાલશંકરને તેણે જણાવ્યું : 'તમારી બૈરી મરી ગઈ છે, મારી સ્ત્રી પણ મરી ગઈ છે, તેથી હવે આપણે માયામાં શું કરવા રહેવું જોઈએ ? માટે ચાલો કોઈ ગામડામાં જઈને કોઈ સરોવર અથવા નદીને કાંઠે રહીએ ને થોડાક ઉદ્યોગથી આપણો નિર્વાહ કરી આનંદમાં રહીએ....' બાવા બનવામાંય ઘણી કટાકૂટ હોય છે, બાવા બન્યા પછી પહેલું કામ તો હિન્દી શીખવા પડતા હૈ એની જાણ હોવાથી બાપે તેને વાર્યો.

પત્નીના અવસાન બાદ ભાઈને ઘરમાં ગોઠતું નહીં.

પોતાની ચલિતવૃત્તિ પર કાબૂ મેળવવા તેણે ધીરા ભગતનાં બે-ત્રણ પદો વાંચ્યાં. આ પદોનો મધ્યવર્તી વિચાર વૈરાગ્યનો હોવાથી એ વાંચતાં મનને સારું લાગવા માંડ્યું. આપણેય કવિતા કરીએ તો કેમ! એવા વિચારથી તેણે ચારેક દિવસમાં બે કવિતાઓ જોડી દીધી. બેદૂત ગાડા સાથે બળદ જોડે એટલી ઉતાવળથી તે કવિતાઓ જોડવા માંડ્યો. તેને થયું કે આ રીતે જો તે કવિતા કરવાની ટેવ પાડે તો કમ સે કમ મૃત પત્ની વિસારે પડે ને ચિત્ત ઠરીઠામ થાય. કવિતા લખવા પાછળનો શરૂઆતનો તેનો આશય માત્ર ડહોળાયેલા મનને શાંત કરવાનો જ હતો; કવિ તરીકે નામ કાઢવાનો નહીં, પણ કવિતા દ્વારા મનનો ઊભરો બહાર કાઢવાનો હતો. પછી આગળ વધતાં તે વિચારવા માંડ્યો કે ભણવું, કમાવું, માન મેળવવું ને બૈરી (અર્થાત્ નવી બૈરી) કરવી. આ બધું આનંદને માટે છે એટલે આ જ કામ કરીશ, એમાં શેર જુવાર તો મળી રહેશે....' (આપણા કેટલાક કવિઓ તો 'કવિતાની આ કળામાંથી' આજ કાલ ઘી-કેળાં જેટલું મેળવી રહ્યા છે) કલમને ખોળે જવાનો જે નિર્ણય પછીથી તેણે લીધો હતો તેની પાછળ આ 'શેર જુવાર'વાળી ભૂમિકા તો હશે જ.

પણ તેને કવિતા તરફ વાળવા માટે આપણે તેની મૃત પત્ની ગુલાબનો આભાર માનવો જોઈએ....અને ધીમે ધીમે કવિતા પર તેનો હાથ બેસવા માંડ્યો. બસ, ત્યારથી લક્ષ્મી-સરસ્વતી વચ્ચેનો સંઘર્ષ શરૂ થઈ ગયો અને નર્મદને ભોળિયાને ખબર નહીં કે જે કપાળ પર મા સરસ્વતી

ચાલ્લો કરે છે એ કપાળ સામે લક્ષ્મીમાસી ભૂલમાંયે નજર નથી કરતી....

*

શામળ, દલપતરામ ને મનમોહનદાસ જેવા કવિઓની કવિતાઓ જોઈ જોઈને શરૂમાં તે કવિતા કરતો. આ વાત પોતાની આત્મકથામાં તેણે વિના સંકોચે કબૂલી છે....કોઈ સર્જકને આપણે (કદાચ સાચું જ) કહીએ કે તારી કલમ પર હેમિંગ્વે, ચેખોવ કે મોપાસાંનો પ્રભાવ છે તો તેને અપમાન જેવું લાગશે, જ્યારે નર્મદે તો સામે ચાલીને તેનો સ્વીકાર કરવામાં જરા પણ ખચકાટ અનુભવ્યો નથી.

મુંબઈમાં કવિતા શબ્દ એ દિવસોમાં ચલણમાં નહીં, એટલે બુદ્ધિવર્ધક સભાવાળાઓને રાગડા ગમવા માંડ્યા ને તેને પ્રોત્સાહન મળવા માંડ્યું. તેની ભાષામાં કહીએ તો 'ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન થઈ ગયો....' આમ તો પ્રધાન જ નહિ, વડા પ્રધાન થઈ ગયો.

પણ કોઈ નામું લખવા શીખનાર મહેતાજીને ખાતાવહી કોને કહેવાય એની ખબર ન હોય તો કેવું લાગે? એમ કવિતા બનાવવાના શાસ્ત્રને પિંગળશાસ્ત્ર કહે છે એ વાતની નર્મદને ખબર નહોતી. આ માહિતી તેને ૧૮૫૫ના ઑક્ટોબરના 'બુદ્ધિપ્રકાશ' દ્વારા મળી હતી. ('બુદ્ધિપ્રકાશ' નામ સાર્થક થયું). પિંગળ અંગે દલપતરામને લખવાનું તેણે વિચાર્યું, પછી થયું કે દલપતરામ કચાંક હસી કાઢશે તો? તેમના માટે નર્મદના મનમાં પહેલેથી કોઈ ગાંઠ પડી

ગઈ હોવી જોઈએ, એટલે દલપતરામને ન લખતાં કવિ મનમોહનદાસને તેણે પત્ર લખ્યો. (તે ગમે તેને પત્ર લખે, નર્મદાશંકરના આશીર્વાદ એમ લખતો. પછી સામેવાળો ગમે તેટલો મોટો માણસ કેમ નથી હોતો! મનમોહનદાસને પણ તેણે આશીર્વાદ આપીને જ પત્ર લખ્યો હતો. આ તેની હાબી હતી....આ ટેવ પાછળથી ગાંધીજીમાં પણ ઊતરી હતી). કવિતા વિશેના પોતાના અજ્ઞાનનો પત્રમાં તેણે એકરાર કર્યો હતો, પણ કવિ મનમોહનદાસે એ પત્રનો ઉત્તર પણ ન આપ્યો....

કવિતા સંબંધી ગ્રંથો હાથ લાગી જાય તો કવિતાઓ સારી રીતે કરી શકાય એવા વિચારથી કચ્છ સુધી જવા તે તૈયાર થઈ ગયો હતો. પછી પિંગળની શોધમાં તે ઠેરઠેર ભટકયો. ગોરધન નામના એક કડિયાને ત્યાં જઈને 'છંદરત્નાવળી' ઉતારતો. સાથે કવિતાલેખન પણ જોરમાં ચલાવતો. કવિતાને બરાબર ઓળખ્યા વગર જ એ તેના પ્રેમમાં પડી ગયો હતો, કવિતા એ તેનો પહેલો પ્રેમ. તે પહેલો કવિ, પછી બીજું બધું. કવિતાને તે પોતાના જીવનની જડીબુટ્ટી સમજતો. કવિતા તેની નોળવેલ હતી. કવિતા સાથે પ્રીત બાંધીને તે ગાવા લાગ્યો :

'મીઠી કવિતા મેં તુજસું, પૂરણ બાંધી પ્રીત;
સુખ આપ દુઃખ આપ વા હું તારે વશ નીત' (ને કવિએ યથાશક્તિ તેને દુઃખ આપવા પ્રયાસ પણ કર્યો હતો.)

પછી કવિતામાં તે એવો તો ડૂબતો ગયો કે તેણે 'ફૂલટાઇમ પોએટ' બનવાનું નક્કી કરી નાખ્યું. કવિતાથી

છોકરું ઘૂઘરે ના રમે એવી સમજણ નહીં એટલે એક દિવસ આંખમાં ઝળઝળિયાં સાથે કલમને કહી દીધું : 'હવે હું તારે ખોળે છઉં....' પાસે એવી બચત નહીં, હિસાબ માંડ્યો નહોતો.... પિતાશ્રીને પૂછ્યા વગર જ આવો મહત્ત્વનો નિર્ણય લઈ લીધો.

*

પિતા લાલશંકર ભગવાનનું માણસ. પુત્ર તરફ અપાર સ્નેહ. લાલશંકર વ્યવહાર-ડાહ્યા, એ વ્યવહાર હાહ્યા બાપને પુત્રનું નોકરી છોડી દેવાનું ગાંડપણ ના ગમ્યું. પણ તોય મોઢે તો એટલું જ કહ્યું : 'ભાઈ, ઉતાવળ કરવાની શી જરૂર હતી?' દીકરાપ્રત્યે બાપને એટલો બધો પ્રેમ કે તે આજ્ઞાંકિત બાપની જેમ વર્તે. પુત્રને દુભવે નહીં, તેનું વચન ઉથાપે નહિ. દીકરાએ કહ્યું કે લહિયાનું કામ હવે નહીં કરવાનું. બાપે હકારમાં માથું હલાવી કહી દીધું – હવેથી નહીં કરીએ, છોડી દીધું. લાલશંકર પુત્રની કવિતાના ચાહક હતા. નર્મદે કવિતા કરવાની શરૂઆત કરી ત્યારથી જ પોતાના આનંદ માટે તે સુપુત્રની કવિતા વાંચતા. વાંચતા એટલું જ નહીં, પુત્રને કહેતા : 'ભાઈ, તારી કવિતા વાંચવાથી રોવું આવે છે, પણ પછી બહુ સુખ થાય છે....' પુત્રની પ્રવૃત્તિઓમાં તે સક્રિય રસ લેતા. બુદ્ધિવર્ધકસભામાં જતા. નર્મદ ભાષણ કરતો હોય ત્યારે તે સામે ખુરશીમાં બેસી ધ્યાનથી સાંભળતા. એકવાર તેમણે પણ 'સત્ય' પર એક નિબંધ વાંચેલો. દીકરો જ્યાં હદથી વધારે ફાટેલો જણાય ત્યાં ફેરફાર કરવાની સલાહ આપતા – સાંધી દેતા.

પિતા માત્ર પિતા જ નહીં, ફ્રેન્ડ ફિલોસોફર ઍન્ડ ગાઈડ હતા. કહેવા જેવું બહુ જ સારી ભાષામાં, ઓછા શબ્દોમાં કહેતા. આખા જીવન દરમિયાન પુત્રને તેમણે માંડ એકાદવાર ઠપકો દીધો હશે – કદાચ, તેમને જાણ કર્યા વગર તેણે વિવાહ ફોક કર્યો ત્યારે! – ને માત્ર એક જ વખત ધોલધપાટ કરી હતી. પરાક્રમી પુત્ર નર્મદે નાનપણમાં તેલનું માટલું ફોડી નાખ્યું એટલે માએ ચંડિકાસ્વરૂપ ધરી તેને સારી પેઠે ઠમઠોર્યો હતો. બાપ બન્ને વચ્ચે સમાધાન કરાવવા પ્રયાસ કરતા હતા ત્યારે શંકરિયો (તેનું મોસાળનું નામ શંકરિયો હતું) સામે બોલ્યો. એ વખતે બાપે તેને એક તમાચો જડી દીધો. બસ, એટલું જ, બાકી ૩૩ વર્ષની કાચી વયે નર્મદની મા અવસાન પામી તે પછી લાલશંકરે મા–બાપ બન્નેની ભૂમિકા ભજવવા માંડી. તે પુત્રને સતત ચાહ્યા કરતા, જાહેરમાં તેનો આદર કરતા. નર્મદના પુનર્વિવાહ અંગેના વિચારોની કેટલાક જણ લાલશંકર સમક્ષ ફરિયાદ કરતા ત્યારે તે ઠાવકાઈથી કહેતા, 'ભાઈ! જેવો જેનો વિચાર. તે કહે છે તે ખોટું શું છે? તે તો મને પણ કહે છે કે તમે પુનર્વિવાહ કરો....' ન્યાતના કોઈ કાગળમાં સહી કરવાની હોય ત્યારે તે કહી દેતા : 'ભાઈ બહારગામ ગયો છે, હવે બધો વહેવાર એને સંભાળવાનો છે, માટે એ આવશે ત્યારે સહી કરવા કહીશ.'

નર્મદના શ્વસુરે (શ્વસુર નંબર વન) તેનો પત્ર ફોડીને વાંચ્યો ત્યારે નર્મદ તેના પર ખિજાઈ ગયો, સસરાને એક

ઠપકાપત્ર લખી નાખ્યો. પિતાશ્રીએ તેને પત્ર તો લખવા દીધો, પણ પોસ્ટ કરવા ન દીધો. ક્રોધનો કાગળ લખાય ખરો, પોસ્ટ ના કરાય કે એવું કંઈક સમજાવી દીકરાને વારેલો.

દલપતરામે 'બુદ્ધિપ્રકાશ'માં પિંગળ સંબંધી લખેલ લેખ લાલશંકરના જોવામાં આવ્યો. આ અંગે દીકરાનું ધ્યાન ખેંચતાં તેમણે કહ્યું : 'કવિતાની રીતિયો પણ કવિતામાં લખવી એ બહુ મોટી વાત છે.' આ સાંભળી નર્મદે જણાવ્યું કે તેમાં ખાસ દમ નથી એટલે બાપે પડકાર ફેંક્યો : 'હું તો તારી હોશિયારી ક્યારે ગણું કે પિંગળ બનાવ તારે....'

બસ, પછી નર્મદ કામે લાગી ગયો ને 'પિંગળપ્રવેશ' લખીને પ્રગટ કર્યો, જે પિતાશ્રીને અર્પણ પણ કર્યો.

લાલશંકર દીકરાને હંમેશાં સારી શિખામણ દેતા, છતાં દીકરો તે પ્રમાણે ના વર્તે, કંઈક આંધળુકિયું કરી બેસે ત્યારે મૂંગા મૂંગા સહન કરવામાં તે સાથે રહેતા. આ વિશે દીકરાને ફરિયાદ કરતા નહીં. દીકરો ગમે તેવો હશે, બહાર તેને વિશે લોક ગમે તે માનતું હશે, તેની કવિતા અંગે ગમે તે બોલતું હશે (અમદાવાદના એક શિક્ષકે 'નર્મકવિતા'ની પ્રથમ આવૃત્તિમાંથી નર્મદનાં સઘળાં શૃંગારિક કાવ્યો વીણી વીણીને બાળી મુકાવ્યાં હતાં.) પણ દીકરાની કવિ તરીકેની કીર્તિ ચોમેર ફેલાયેલી જોઈ લાલશંકર સંતોષથી ગુજરી ગયેલા.... (ક્યાં તુજ જોસ્સો કેફ. ક્યાં

આ જંતુ માણહા, માથા પરની રેફ નર્મદ સહેજ ખસી ગઈ' નિરંજન ભગતની આ કાવ્યપંક્તિ લાલશંકર વાંચી શકયાં હોત તો ગર્વથી તેમની છાતી ફાટી ગઈ હોત). લાલશંકર અવસાન પામ્યા ત્યારે એ સમયમાં સારો કહી શકાય એવો વારસો આ અભાગિયા પુત્ર માટે છોડી ગયેલા. (ગગનવિહારી મહેતાની ભાષામાં કહીએ તો અ-ભાગિયો એટલા માટે કે મિલકતમાં નર્મદનો કોઈ ભાગિયો નહોતો)

*

નર્મદ ખિસ્સાનો કાણો ન હોત તો લાખ્ખો રૂપિયા ભેગા કરી શકયો હોત–ને તો કદાચ તે બીજો ગમે તે હોત, નર્મદ તો ન જ હોત. મહિયતરામ નીલકંઠ કે નવલરામને એવા ઊંચા હોદ્દા પર નોકરી કરતા મિત્રો કરતાં તેને મળતર સારું રહેતું, પણ સ્વભાવનો રાજ્જા.... દમયંતીના હાથમાં માછલીઓ જે રીતે સજીવન થઈ સરકી જતી એ રીતે લક્ષ્મી તેના પોલા હાથમાંથી સરી પડતી. કોઈ સારી ચીજ નર્મદ પાસે ટકતી નહીં. કીમતીમાં કીમતી વસ્તુ ગમે તેને ધરી દેતાં તે પળનોય વિચાર નહોતો કરતો.

— ગોપાલદાસ બાવાના વાંસળીવાદન પર ફિદા થઈ તેણે મૂલ્યવાન રત્નમુદ્રિકા ભેટ આપી દીધી હતી.

— તે કવિ છે એમ જાણવા છતાં તેની પાસે સહાય માગવા ઘણા આવતા. બેસતા વર્ષને દિવસે તેની પાસે મદદ માટે એક ગવૈયો આવ્યો ને ગાવા લાગ્યો. સિલકમાં પડેલો એક માત્ર ચાંદીનો ખણખણતો રૂપિયો તેણે ગાયકને ધરી

દીધો, ગાયકને રૂપિયો ઓછો પડ્યો–તેણે ગાવાનું ચાલુ રાખ્યું. તેને ગાતો અટકાવવા પોતે ઓઢેલી કીમતી શાલ તેને આપી દીધી.

— પોતાના માટે તેણે મોંઘા ભાવનો એક કોટ કરાવ્યો હતો. એક મિત્ર તેને મળવા ગયો, કોટનાં વખાણ કર્યાં. નર્મદે તેને પૂછ્યું : 'ગમે છે તમને ?'

'ગમે જ ને !.... પણ આપણાં કૈ એવાં ગજાં છે ?' નર્મદે તરત જ અંગ પરથી કોટ ઉતારી મિત્રને આપતાં જણાવ્યું : 'તમે જ રાખી લો, તમારા માટે જ કરાવ્યો છે....' (ને મિત્ર પણ કેવો ! રાખી લીધો).

— તેણે ૨૫ ગવૈયાઓની એક બેઠક કરી હતી ને આખી રાત સંગીતનો જલસો ચલાવેલો, જેનો ખર્ચ રૂ. ૨૦૦ આવ્યો હતો.

— તે પુસ્તકો પ્રગટ કરતો ત્યારે, ગમે તેટલી મોંઘી ઊંચી કિંમતનાં ૧૨૫ જેટલાં પુસ્તકોની મિત્રોમાં લ્હાણી કરતો, ને કોઈ ગરીબ પણ સાહિત્યરસિક વિદ્યાર્થી જણાય તો તેને પુસ્તક ભેટ ધરી દેતો.

— ભાવનગરમાં એક સ્નેહીએ તેને ઘેર બોલાવી પાઘડી પહેરાવી. મુંબઈ જઈ નર્મદે તરત જ પાઘડીની કિંમત જેટલાં પુસ્તકો ભેટ મોકલી દીધાં.

આ સુરતીલાલો મુંબઈમાં પૂરા ઠાઠથી રહેતો. મુંબઈમાં પોતે જે ખોલીમાં રહેતો તેનું માસિક ભાડું રૂપિયા ૭૫ ચૂકવતો. તેણે બહાર જવા–આવવા માટે એક ઘોડાગાડી પણ

કાયમી ધોરણે ભાડે રાખી હતી. પોતાનાં લખાણોની નકલ કરવા વાસ્તે તે બબ્બે કારકુનો રાખતો. કપડાંલત્તામાં ને ઉઠાઉ ટેવોમાં તે ધોળો હાથી પાળવા જેટલો ખર્ચ કરતો. દરરોજનો એક રૂપિયો તે પાન-સોપારી પાછળ વાપરતો. તેને ત્યાં દૂધ ને ચાનાં તપેલાં ઊકળતાં જ હોય. જરૂરી કરતાં બિન-જરૂરી ખર્ચ તે વધુ કરતો.

આટલું ઓછું હોય તેમ બાજુમાં આવેલ પોતાના જ એક મકાનમાં એક વિધવા સ્ત્રીને તેણે આશરો દીધો હતો.

પાછો મિજાજ બાર ખાંડી, ડૉકટર ભાઉએ એક નિબંધની ૧,૦૦૦ નકલ ટાઈપમાં છપાવવાનું બિલ પોતે ભરશે એમ કહ્યું ને બિલ આવ્યું, પણ ડૉ. ભાઉએ તે અદા કરવાની તૈયારી બતાવી નહીં એટલે નર્મદે એ ચોપડીઓ મંદિર આગળ લૂંટાવી દીધી. બે પારસી સજ્જનોએ તેને વિનંતી કરી કે 'તમારી કવિતા અમને નાટ્યગૃહમાં ગાવાની રજા આપો....' આ સામે નર્મદે જણાવ્યું : 'મારી કવિતા ગાયાથી લોક ખુશી થાય તેવી લોકની સમજ નથી....' તેમણે ઘણો આગ્રહ કર્યો એટલે રૂપિયા ૧૦૦ નક્કી કર્યા, પણ મંડળીને ખોટ ગઈ એટલે નર્મદે તે પૈસા માંડવાળ કર્યા.... આમેય તેણે જીવનમાંથી લક્ષ્મીની બાદબાકી જ કરી નાખી હતી.

*

નર્મદે ઘણી બધી બાબતોમાં દલપતરામ સાથે સ્પર્ધા કરી હતી. (હા, પૈસા કમાવાની ને તે સટ્ટામાં ગુમાવવા બાબતે સ્પર્ધા નહોતી કરી). કવિતા તે તેમની જોઈ જોઈને લખતાં શીખેલો એવું તેણે જાતે કબૂલ્યું છે, પણ શરૂઆતમાં નર્મદ પોતાની મસ્તીમાં, પાક અને જુવાનીના કેફમાં ફર્યા કરતો. દલપતરામને તેણે સુરતમાં દૂરથી જોયેલા કે પેલો માણસ કવિ દલપતરામ છે. તેમની સામે તે આશ્ચર્યથી (ને કચારેક રમૂજથી) જોઈ લેતો, પણ સામે ચાલીને તેમની સાથે ઓળખાણ કાઢવા જતો નહીં. દલપતરામને કાવ્યગાન કરતાં દૂરથી જોઈ નર્મદ ચાલ્યો જતો, તેમને નજીકથી જોવા–સાંભળવા રોકાતો નહીં–એવું મન જ નહોતું થતું. ખરું પૂછો તો નર્મદ તેમને ખાસ ગંભીરતાથી લેતો નહીં, પોતાની ધૂનમાં મગ્ન રહેતો. દલપતરામ સાથે તેને પહેલેથી ટ્યુનિંગ નહોતું. એ ગાળામાં મુંબઈમાં કવિતા શબ્દ વપરાશમાં નહોતો. ગદ્ય અને પદ્ય વચ્ચેના ભેદની સામાન્ય પ્રજાને ખબર નહોતી.

જોકે એમ કહેવામાં અતિશયોક્તિ નથી કે દલપતરામ ન હોત તો નહાનાલાલ તો ન જ હોત, પણ કદાચ નર્મદેય આપણને ન મળ્યો હોત. નર્મદના ઘડતરમાં દલપતરામે શત્રુભાવેય ઘણો ફાળો આપ્યો છે. દલપતરામે 'બુદ્ધિપ્રકાશ'માં પિંગળ પર લેખ ન કર્યો હોત તો લાલશંકર નર્મદને પિંગળ સમજવા ઉશકેરત નહીં ને તો નર્મદ 'પિંગળપ્રવેશ' લખત નહીં.... ને આ 'પિંગળપ્રવેશ' પ્રગટ થયું ત્યારે દલપત-

રામે તે માટે પોતાની પ્રસન્નતા પણ જાહેર કરી હતી, તેમણે 'બુદ્ધિપ્રકાશ'માં લખ્યું હતું કે આ વિષય પરનું ગુજરાતી ભાષામાં આ પ્રથમ પુસ્તક છે....

દલપતરામ મુંબઈ આવવાના છે એમ નર્મદે સાંભળ્યું ત્યારે તે હરદાસના કામ અંગે પૂના જવાની તૈયારીમાં હતો. તેના મિત્રોએ તેને ખીજવવા કહ્યું કે દલપતરામ આવે છે એટલા માટે તું નાસી જાય છે? આ કારણે તેને જવું હતું તો પણ પૂના ના ગયો. દલપતરામ આંખની સારવાર માટે મુંબઈ આવ્યા – બન્નેને કોણ જાણે કેમ, આંખરસો પડી ગયો હતો.

અગાઉ નર્મદ ભાવનગરમાં જઈ આવ્યો ત્યાર બાદ દલપતરામ ત્યાં ગયા હતા. નર્મદના ભાવનગર જવાના પ્રયોજન અંગે દલપતરામે કોઈકના મોઢે કહ્યું હતું : 'ગયા હતાની ભાવનગર–વર્ષાસન કરાવવાને; એમ વળી વર્ષાસન થતાં હશે?' આ સાંભળીને નર્મદે ખીજમાં કટાક્ષ કર્યો હતો : 'દલપતરામભાઈ એમ કાં ના કહે?–મારે કોઈ કારબારસાહેબ નથી કે રાજાના મરણ નિમિત્તો ખરચવાને કહાડેલાં દ્રવ્યમાંથી વર્ષાસન કઢાવી આપે....'

કેટલાક લોક (Cock Fights) કૂકડા લડાવવાની રમત યોજતા હોય એ રીતે આ બન્ને કવિઓ વચ્ચે કાવ્યગાનની હરીફાઈ ગોઠવે છે. નર્મદને કહેવામાં આવે છે કે તેણે

તેની કવિતાઓ સાથે વાલકેશ્વરમાં ભગવાનદાસના બંગલે તૂટી પડવું, પણ નર્મદ મનોમન નક્કી કરે છે કે દલપતરામ સામે જાહેરમાં કયારેય કવિતા વાંચવી નહીં. તે વિચારે છે કે : 'મારી કવિતા નબળી પડશે તો તેની હરકત નહીં, પણ દલપતરામભાઈની નબળી પડશે તો તે શરમાશે ને એમ થાય તે સારું નહીં.... લોક તો રસિયા – લોકને શું ?' – એટલે તે કવિતા લીધા વગર, નિઃશસ્ત્ર ગયો.... સમ ખાવાય કવિતા સાથે રાખી નહીં. (આ વાત કેટલી અઘરી હોય છે એ કેવળ કવિ જ સારી પેઠે સમજી શકશે. કવિ હાથરૂમાલ લેવાનું હજી ભૂલી જાય, પણ કવિતાની ડાયરી લેવાનું તે હરગીજ નહીં ભૂલે.... ને એમાંય તેને ખબર હોય કે કવિતા વાંચવાનો યોગ ઊભો થાય તેમ છે ત્યારે તો તે કવિતાની ડાયરી અચૂક ચોક્કસ પોતાની સાથે લેશે જ.... અમારા સંચાલન હેઠળ એક કવિ–સંમેલન યોજાયું હતું. એક કવિ આયોજકોથી રિસાઈ ગયા હતા ને મને કહેવા આવેલા કે આ કાર્યક્રમમાં કોઈ કાળે ભાગ લેવાના નથી, પણ એ વખતે કવિતાની ડાયરી તેના હાથમાં હતી.... તેની સામે જોઈ હસીને મેં કહ્યું : 'કવિ, તમારી કવિતા વગર કવિ–સંમેલન અધૂરું ગણાશે....' તે સાચું માની ગયા ને મને આગ્રહ કરવાની તક આપ્યા વગર તેમણે કાવ્યો વાંચી પણ નાખ્યાં) :

એવું નહોતું કે નર્મદ નિસ્પૃહી હતો યા તેને કીર્તિની પડી નહોતી, પણ એક વાર નક્કી કર્યું કે આપણે આજે તો

આપણા સિવાય કોઈની સાથે સ્પર્ધા નથી કરવી એટલે પછી કવિતા શું કામ સાથે રાખવી !.... દલપતરામે કવિતાઓ સંભળાવી. નર્મદના મતે, શ્રોતાઓ કવિ પાસેથી જે ચીજની અપેક્ષા રાખતા હતા તે સંતોષાઈ નહીં. કવિની તેને દયા આવી. હાથમાં હુક્કો લઈને તે ગગડાવતા બેઠેલાઓ આગળ કેફ નહીં કરવાની કવિતા કરી ! – આથી શ્રોતાઓ કંટાળી ગયા.

નર્મદને કવિતા બોલવા આગ્રહ થતાં પહેલાં તો તેણે નન્નો ભણ્યો, બહુ આગ્રહ થતાં કવિતા બોલવા અગાઉ તેણે સંકોચથી ને કંઈક આદરથી જણાવ્યું : 'દલપતરામભાઈ તો સાગર છે ને ઘણાં વરસ થયાં કવિત કરે છે ને હું તો બાબોચિયા જેવો ને નવો જ શિખાઉ છઉં.... દલપતરામભાઈને કવિતા કરતાં વીસ વર્ષ થયાં ને મને ચોથું ચાલે છે. દલપતરામભાઈ જેવું મારી પાસે કંઈ નથી પણ વિનાયકરાવનો આગ્રહ છે માટે ગાઉં છું....' ને આટલી વિનમ્રતા દાખવી તેણે શરૂ કર્યું. શ્રોતાઓ દિંગ થઈ ગયા, આશ્ચર્યમૂઢ બની ગયા. તે ગાતો હતો ત્યારે વિનાયકરાવ તેને બંને હાથ મૂકી ઊભા હતા ને વચ્ચે વચ્ચે, 'વાહ....વાહ.... નર્મદાશંકર, આ તે તમે કયારે કીધું ?' એમ બોલતા. તે ગાતો હતો તો પણ દલપતરામને ઝંખવાતા જોઈ મનમાં તે બહુ દુઃખી થતો ને વિનાયકરાવને બૂટ દબાવી શાબાશી ન આપવાનો ઇશારો કરતો. એ વખતે અંતરથી–હૃદયથી દલપતરામ માટે તેને કટુભાવ નહીં હોય, પણ આ પ્રસંગથી દલપતરામ વધુ નારાજ થઈ ગયા....

કદાચ, આ પ્રસંગ પછી જ બન્ને વચ્ચેનો સ્પર્ધાભાવ બળવત્તર બન્યો. નર્મદ એ વિશે કાયમ ચિંતામાં રહેતો કે દલપતરામ તેનાથી આગળ તો નહીં નીકળી જાય ને! – તે વીસ વરસથી કવિતા કરે છે એટલે તેમની પાસે કેટલી બધી કવિતા હશે! આથી દલપતરામ સાથે તે 'કાર–રેસ'માં ઊતર્યો હોય તેમ ૧૨૦ માઈલની ઝડપે કવિતાઓ દોડાવતો, બતાવતો.

આ બન્નેની હરીફાઈમાં ફાયદો પ્રજાને થયો. બન્નેની કવિતાઓની જાહેરમાં ચર્ચા થવાથી ને છાપામાં તેને વિશે લેખો પ્રગટ થવાથી પ્રજામાં કવિતાનો શોખ વધવા લાગ્યો, તેમાંય પારસીઓ ગાંડા-ઘેલા થઈ ગયા. (આ બાબત એક પારસી મિત્ર સાથે વાત નીકળતાં તેણે કહ્યું કે અમે ગાંડા-ઘેલા થઈ ગયા એનો બધો જશ નરમદને આપવા જેવો નથી, અડધા તો અમે જન્મથી જ હોઈ એ છીએ). નર્મદના કહેવા પ્રમાણે દલપતરામ કવિતા પાઠ કરતા ને એ પેટે જે પૈસા મળે તે રાખી લેતા; જ્યારે પોતે આ નિમિત્તે કોઈનો પૈસો લેતો નહીં, એટલું જ નહીં – ગાડીભાડાનો અર્ધ પણ પોતે ભોગવતો. (આજે હાલત જુદી છે. કવિ-સંમેલન કે મુશાયરામાં કવિતા સંભળાવવાના તો કવિ પૈસા લે છે જ, તે ઉપરાંત મુશાયરામાં અન્ય કવિઓનેય સાંભળવાનો, સહન કરવાનો અલગ પુરસ્કાર માગે છે.)

બેમાંથી એક પણ કવિ પગ વાળીને બેસતો નહીં,

એકેને ગંધ નહોતો, આંખે કાચું હોવાથી દલપતરામ કવિતાઓ ગોખીને તૈયાર થઈ જતા. સ્પર્ધામાં પોતે પાછળ ના પડી જાય એનો બન્ને ખ્યાલ રાખતા, એમાંય નર્મદ હંમેશાં દલપતરામને વૉચ કરતો.... હં તેણે 'શૂરવીરનાં લક્ષણો કહ્યાં ?' ઠીક.... તો પછી આપણે 'શૂરવીર છત્રીસી' ગગડાવીએ. એમ ? તેણે ભાર્તભૂમિનાં ગુણગાન ગાયાં ? તો આપણે 'દેશાભિમાન'નાં પદો ફટકારીએ. (જોકે લગ્નો ને લગ્નેતર સંબંધોની બાબતમાં નર્મદે દલપતરામને કયાંય પાછા પાડી દીધેલા).

આને કારણે પ્રજામાં પણ બે ભાગ પડી ગયા હતા. ઉત્તરના લોકો દલપતરામની કવિતા વખાણતા ને દક્ષિણની પ્રજા નર્મદની કવિતાની પ્રશંસા કરતી. આ પ્રજાના મતે એક નર્મદ જ જેન્યૂઇન પોએટ, બાકી બધા જોડકણાબાજ.... અને મુંબઈમાં તો નર્મદ કવિનો પર્યાય બની ગયો હતો, તે એટલે સુધી કે ખુદ તે પણ પોતાને કવિ તરીકે સંબોધવા માંડેલો. પોતાને માટે તે ત્રીજા પુરુષ એક વચનમાં બોલતો : 'કવિ બહાર જાય છે....'

બુદ્ધિવર્ધકસભાવાળાઓએ દલપતરામ માટે મોટું ફંડ એકઠું કરી તેમાંથી તેમનું બાવલું ઊભું કરવાનું કે પછી તેમના નામની સ્કૉલરશિપ કરવાનો વિચાર કર્યો છે એ જાણી નર્મદ ખિન્ન થયેલો.... 'લોક કેવા મૂરખ છે કે જીવતે જીવ કવિનાં બાવલાં મૂકવા તૈયાર થયા છે' – એમ તે કહેતો. નર્મદની નારાજગી જોઈ તેના મિત્રોએ છાપામાં લેખો લખી-લખાવી આ વાત બંધ કરાવેલી. દલપતરામને એવો સજ્જડ વહેમ

પડેલો કે નર્મદની કવિતા એ જ કવિતા છે ને દલપતરામની કવિતા સાધારણ છે એવા જે લેખો છાપાઓમાં છપાય છે તે નર્મદ જ લખાવે છે.

પણ વ્યવહારમાં બન્ને મીઠાશથી વર્તતા. નર્મદે એકવાર દલપતરામને પોતાને ત્યાં જમવા તેડેલા. બાસુંદી-પૂરી જમાડ્યા બાદ દલપતરામને દક્ષિણારૂપે 'પ્રતાપરુદ્ર' નામનો રસાલંકારનો સંસ્કૃત ગ્રંથ ભેટ આપતાં નર્મદે કહ્યું હતું : 'દલપતરામભાઈ, કવિતા સંબંધી તમારા ને મારા વિચાર જુદા છે તે પરથી તમારા ને મારા સ્નેહમાં કોઈ ઘટાડો થવો ન જોઈએ....' જવાબમાં દલપતરામે કહ્યું : 'નારે ભાઈ, જુઓની પંચે આપણી ચોટલીઓ એક એક પાસે કેવી પકડાવી છે ?' એ વખતે નર્મદ બોલ્યો : 'ન્યુઝવાળા ગમે તે લખે એમાં આપણને શું ? ને પંચ તો રમૂજ કરે છે. તમે નજરમાં આવે તો માનજો કે – અલબત્ત જેને તમે કવિતા કહો છો તેને હું નથી કહેતો – મારા તમારા વિચાર જુદા છે. પણ તમને હું મારા વર્ગીં ગણી ચાહું છું....'

ને દલપતરામના દ્વિતીય પુત્ર મગનલાલના લગ્નપ્રસંગે નર્મદાશંકર અગ્રણી થઈને વરઘોડામાં ઘૂમ્યા હતા ને વેવાઈ વિજ્યાશંકરે વરપિતાની પહેલી પાઘડી પણ નર્મદને જ પહેરાવી હતી.... આમ બન્નેના માનવીય સંબંધો ઉમદા હતા....

પણ નર્મદના હાથમાં કલમ આવતી ત્યારે તે અર્જુન બની જતો. પોતાનાં-પારકાં, સ્નેહસંબંધ, મૈત્રી ને એવું બધું કિનારે મૂકીને કલમ ચલાવતો. દલપતરામે સંપાદન કરેલ 'કાવ્યદોહન' પ્રગટ થયું ત્યારે તેની ઝાટકણી કાઢતાં નર્મદે આ પ્રકારની ભાષા વાપરી હતી : 'પટારા ઉઘાડ્યા ને ગુજરાતી ભાષાનાં પુસ્તકો બહાર નીકળ્યાં ને તેમાંથી હાલ 'કાવ્યદોહન' નામનું પુસ્તક છપાઈને બહાર પડ્યું છે. એ કાવ્યદોહન ગુજરાતી કવિતારૂપ છાસમાંથી કાઢેલું માખણ છે. કાવ્યદોહનમાં આપેલા નમૂના કવિઓની સરસ કવિતાના નમૂના છે, તો ગુજરાતી ભાષાની ઘણી સારી કવિતા પટારામાં પાછી બંધ પડી ઊધઈથી ખવાઈ જાય તો સારું; અથવા સરૈયા ગાંધીની દુકાને વેચાઈ જાય તો સારું....' વગેરે.... વગેરે.... વગેરે....

બન્ને પૈકી જેને જ્યારે તક મળે ત્યારે તે ચૂકચા વગર ઘા કરી લેતા. ઉદાહરણ તરીકે : 'નર્મગદ્ય'માં કવિ નર્મદાશંકરે જર્મનીથી ખાસ એન્ગ્રેવિંગ ચિત્ર તૈયાર કરાવીને પુસ્તકમાં મૂકયું હતું –

આ છબીની મશ્કરી કરતાં દલપતરામે આ કાવ્યપંક્તિ જોડી કાઢેલી : 'શું જોશો તનની છબી, એમાં નથી નવાઈ; નિરખો મુજ મનની છબી, ભલા પરીક્ષક ભાઈ....'

દલપતરામની આ કવિતા સામે 'સ્વતંત્રતા' માસિકમાં વિજયાશંકરે ઉશ્કેરાઈને લખ્યું હતું. 'મનની તે છબી

જોઈને, ઊપજે સંશય આમ; છે આ દલપતરામ કે અમદાવાદી ×××...' આ કાવ્યપંક્તિ નર્મદે લખી છે એવી એક માન્યતા લોકોમાં છે જે ખોટી છે.

પછી તો બન્નેએ એકબીજા સામે ખુલ્લંખુલ્લા કલમયુદ્ધ શરૂ કરી દીધું હતું. પોતાના 'સંપ' વિશેના લેખની પાદટીપમાં નર્મદે લખ્યું છે: 'એ નિબંધ વંચાઈ રહ્યા પછી કોઈના કહ્યા કારવ્યા વગર કવિ દલપતરામે એકદમ ઊભા થઈને સંપની ગરથી ગાઈ હતી....' 'ડાંડિયો'માં પણ નર્મદ તેમની વિરુદ્ધ લખતો: 'કવિ દલપતરામ ડાહ્યાભાઈના સ્વભાવ અને એની કવિતાની વિરુદ્ધ ઘણી ઘણી વાતો ચાલી રહી છે માટે ગુજરાતના કવેસરજી, હોશિયાર રહેજો – ડાંડિયાના ડાંડ ઝીલી લેવાને ઢાલ તૈયાર રાખજો....'

ઉત્તમ કવિ કોણ એ વિશે એક વખત ચર્ચા ચાલી ત્યારે દલપતરામે 'બુદ્ધિપ્રકાશ'માં ઉત્તમ કવિ પ્રેમાનંદ નહીં પણ શામળ છે એમ લખ્યું એટલે એ વિષય પર ભારે અઘડો ચાલ્યો. બે પક્ષ પડી ગયા. મહિપતરામના પક્ષવાળા પ્રેમાનંદને સોળ આની ને શામળને પંદર આની કહેતા, જ્યારે દલપતરામના પક્ષકારો શામળને સોળ આની ને પ્રેમાનંદને પંદર આની કહેતા.

દલપતરામની વિરુદ્ધ પણ જરા જુદો સૂર નર્મદે કાઢ્યો. પ્રેમાનંદ સોળ આની ખરો, પણ પંદર આની તો ડસોઈવાળા પેલા દયારામના ફાળે જાય એટલે શામળ તો ચૌદ

આની જ ગણાય. આ કવિઓની વચ્ચેનો એક-બે આની ફેરનો ઝઘડો વધી પડ્યો ને ઘણો લાંબો ચાલ્યો. હરગોવિંદદાસ કાંટાવાળા આમ તો દલપતરામની સ્કૂલના ગણાતા છતાં તેમણે નર્મદનો પક્ષ લીધો એટલે દલપતરામની સારી એવી ગાળો ખાધી હતી.

*

મહિપતરામ નીલકંઠ વિદેશ ગયા તે વખતે દલપતરામે ૧૮૬૦માં હરખાઈને 'બુદ્ધિપ્રકાશ'માં ગાયું હતું :

'નાગર નર હારે નહીં, હારે હોય હજામ,
કહેવત તેં સાચી કરી, રાખી મહિપતરામ....'

પણ મહિપતરામ વિદેશથી પાછા ફર્યા ત્યારે ન્યાતવાળાઓએ તેમને એટલા બધા હેરાન-પરેશાન કર્યા કે છેવટે થાકીને, હારીને તેમણે એક વરસ પછી પ્રાયશ્ચિત કર્યું, અને તે પછી જ સુરતની ન્યાતે તેમને ફરી પાછા ન્યાતમાં લીધા. આથી સુધારાવાળાઓએ મહિપતરામ પર ફીટકાર વરસાવ્યો અને ૧૮૬૭ના ૧૫મી નવેમ્બરના 'ડાંડિયો'માં, દલપતરામે આગળ કરેલ મહિપતરામની પ્રશસ્તિ વિરુદ્ધ નર્મદે દોહરો છાપ્યો :

'નાગર નર હારે નહિ, હારે હોય હજામ;
ઇત્યાદિક ફેરવ હવે, ડાહ્યા દલપતરામ....'

(અને દલપતરામે એક દિવસ ગુસ્સે ભરાઈને નર્મદ

પર અંગત પ્રહાર કરતું આ જોડકણું લખ્યું હતું : 'નર્મદ કવિ નિત્ય ઊઠતો રે જ્યારે નિશામાં ચૂર, કહું બલિહારી નિશા તણી, ભક્તિને ભરપૂર....')

સુધારાવાળાઓએ એટલી બધી હોહા કરી મૂકી કે મહિપતરામને નિવેદન કરવું પડ્યું કે 'મ્હેં કંઈ મ્હારા, મનની માન્યતા બદલીને પ્રાયશ્ચિત કર્યું નથી' એટલે તે ફરી ન્યાતબહાર મુકાયા. મનની માન્યતા વગરનું પ્રાયશ્ચિત એ પ્રાયશ્ચિત ન ગણાય એ મુદ્દા પર તે હતા ત્યાં ને ત્યાં ફરી, ન્યાતબહાર આવી ગયા ને આથી તેમને બીજી વાર પ્રાયશ્ચિત કરવું પડ્યું હતું. તેમને લીધે ન્યાત સામે પડેલા તેમના પરમ મિત્ર એવા ભોળાનાથ દ્વિવેટિયાને વહેતા મૂકીને મહિપતરામ ન્યાતમાં દાખલ થઈ ગયા હતા.

*

અત્યારે માણસ ચન્દ્ર પરની કોઈ ચન્દ્રમુખી છોકરીને પરણી લાવે તો જોનાર રાજી થશે ને ઈર્ષ્યાથી કચારેક કપાળ પણ કૂટશે.... આજકાલ તો પોતાના વિચાર પ્રમાણે માણસ પરણી શકે છે ને આ કારણસર તેને ન્યાતબહાર મૂકનારાઓ સામે તે અદાલતમાં જઈ શકે છે, પણ નર્મદના જમાનામાં પોતાના ગોળ બહાર પરણવાનું માણસ સ્વપ્નેય વિચારી શકતો નહીં, એવું બોલી પણ ના શકાય.... ન્યાતબહાર થઈ જવું પડે. ફરી વાર જ્ઞાતિમાં દાખલ થવું હોય તો પ્રાયશ્ચિત કરવું પડે. ખૂબ આગળ પડતી ને સંસ્કારી

ગણાતી નાગર જ્ઞાતિમાં પણ વડીલો બોલતા કે 'એક વાર તું શેર સીસાનો ધગધગતો રસ પીને આવ, પછી અમે તને ન્યાતમાં લઈશું....' અને ન્યાતબહાર મુકાવું એટલે ? જીવતાં જ્ઞાતિ સાથે રોટી-બેટી, કોઈ વ્યવહાર નહીં, મૂએ અગ્નિ-દાહ નહીં, છતે પૈસે કોઈ ઘર ના આપે, કામ કરવા ઘેર નોકર ન આવે, મિત્રો નજર ચૂકવે – પ્રેમિકા તો આંખ ઉઠાવીને સામે પણ ન જુએ, મોદી અનાજ ન આપે, 'તમારી અગવડે મળો' એવું પાટિયું દુકાન પર ટીંગાડનાર શરાફ પૈસા ધીરતાં બે વાર વિચારે, ટૂંકમાં સામાજિક બહિષ્કાર જ સમજવાનો.

ભલભલો ચમરબંધી પણ ન્યાતથી ગભરાય. કરસન-દાસ શેઠ પરદેશગમનને કારણે ન્યાતબહાર થયેલા. તે પરદેશથી પાછા ફર્યા ત્યારે તેમના એક મિત્રે કહ્યું કે તમારી સાથે હું પંક્તિભોજન લઈશ અને જો હું તમારી સાથે જમવામાં નહીં જોડાઉં તો તમને રૂપિયા વીસ હજાર ચૂકવીશ. જોડે જમનારને પણ એ સમયમાં ન્યાતબહાર ધકેલી દેવામાં આવતા. જમવાનો સમય થયો ત્યારે પેલા મિત્રે સાથે બેસીને જમવાની હિંમત ગુમાવી દીધી ને કરસનદાસને તેણે સંદેશો મોકલ્યો કે પોતે જમવા આવી શકે તેમ નથી. આથી શરત પ્રમાણે રૂપિયા ૨૦,૦૦૦ (અંકે રૂપિયા વીસ હજાર પૂરા)નો ચેક મોકલ્યો છે.... (એ જમાનાના રૂપિયા ૨૦,૦૦૦ એટલે ! પૂછશો જ નહીં, જીવ બળી જાય છે.)

અત્યારે પરદેશગમન એ સ્ટેટસ સિમ્બોલ ગણાય છે, પણ એ દિવસોમાં પરદેશ જવા સમુદ્ર ઓળંગનાર ધર્મ-ભ્રષ્ટ ગણાતો. તેણે ફરીથી ન્યાતમાં પ્રવેશ મેળવવો હોય તો મૂછો મૂંડાવી, ગો-મૂત્રને છાણથી પવિત્ર થઈ પ્રાયશ્ચિત કરવું પડતું.... ને ત્યાર પછી જ ડુપ્પાક લાડુનો વહેવાર શરૂ થતો. ન્યાત બહાર થનાર સાથે ભાણા-વ્યવહાર કપાતો. એ દિવસોમાં તો ન્યાતમાં કોઈને કોઈ પ્રસંગસર જમણ-વાર ચાલ્યા કરતો, બારમાંથી લગભગ દસેક મહિના ઘેર ચૂલો સળગાવવો નહોતો પડતો. કોઈ માણસ આછું-પાતળું કામ કરતો હોય તોપણ તે ભૂખે તો ન જ મરે, આ કારણે સૌ ન્યાતનો આદર કરે, તેની સામે પડવાની હામ જલદી ના ભીડે....

ને પ્રજામાં અજ્ઞાન ને અંધશ્રદ્ધા ભારોભાર. પુરાણોમાં નવ ખંડ લખ્યા છે એ જ સાચા. નવી નિશાળોમાં ભૂગોળ શીખવવી શરૂ થઈ પણ ભૂગોળના શિક્ષકને જ ભૂગોળમાં વિશ્વાસ નહીં, માત્ર શીખવવા ખાતર શીખવે કે પૃથ્વી ગોળ છે ને ફરે છે; પણ છોકરાંને ખાનગીમાં એમ કહે કે 'એ તો સાહેબ પરીક્ષા લેવા આવે ત્યારે બોલવા માટે યાદ રાખવાનું છે. બાકી સાચી વાત તો એ છે કે પૃથ્વી ગોળ પણ નથી કે ફરતીયે નથી. આટલી મોટી પૃથ્વી તે કંઈ ફરતી હશે?.... કોને બનાવવાની વાત કરો છો!.... ભૂગો-ળમાં લખ્યા પ્રમાણે પૃથ્વી ફરતી હોત તો આપણે સ્થિર ઊભા રહી શકત? આપણાં ઘરો પડી ન જાત! –સમુદ્રો

ઢોળાઈ ન જાત ? આમ તો પૃથ્વી ગોળ છે એવું વિચારવું એ પણ પાપ ગણાય. પેટનો ખાડો પૂરવા આપણે નોકરી કરીએ છીએ એટલે તો આવી ધરમનાશ કરવાવાળી વાત ખરી છે એમ કહેવું પડે છે, ધિક્કાર છે આપણા પેટને !' બબડી કચવાતા મને શિક્ષકો ભૂગોળ ભણાવતા.

જડતા, અજ્ઞાન, વહેમ, અંધશ્રદ્ધા ને ભીરુતાના સરવાળાનો જમાનો હતો, જેમાંથી તર્કની બાદબાકી થઈ ગઈ હતી....એક વાર કાશીના એક બ્રાહ્મણે મંદિરમાં એક પત્ર મૂકયો જેમાં આગાહી કરી હતી કે આવતી વસંતપંચમીએ પૃથ્વીનો પ્રલય થવાનો છે. આ પત્રનો પ્રચાર કરશે તેને પુણ્ય મળશે. (બાય ધ વે, આપણા એક રોમેન્ટિક કવિને બંગાળી ભાષામાં સુંદર મરોડદાર અક્ષરે લખાયેલ ગુલાબી પરબીડિયું મળ્યું. એક વખત તે કલકત્તામાં કવિતાવાચન કરી આવેલો એટલે પરબીડિયું લઈ મુગ્ધભાવે તે બંગાળી જાણનાર એક લેખક પાસે પહોંચી ગયો. તેને એમ કે કોઈ બંગાળી બાળાનો પ્રેમપત્ર હશે, પણ 'કવરમાંથી, પેલા બ્રાહ્મણે મૂકેલો એવા જ પ્રકારનો પત્ર નીકળેલો). આથી જે કોઈના હાથમાં પત્ર આવતો તે તેની નકલ કરી પાડોશીઓમાં ફેલાવતો; ને આ રીતે તાર-ટપાલ વગર એ દિવસોમાં પત્ર આખા હિન્દુસ્તાનમાં પ્રસરી ગયો હતો.... અને આખું ગુજરાત ભયથી સ્તબ્ધ બની ગયું હતું. એ વખતની લોકોની માનસિક સ્થિતિની કલ્પના થાય છે કે આવતા જન્મમાં ચૂકવવા ના પડે એ કાજે, ઊછીનાં લીધેલ નાણાં

પરત કરવા કેટલાક લોકો દોડી ગયા હશે, છેલ્લા દિવસોમાં ઈસુના 'લાસ્ટ સપર'ની જેમ કેટલાંક શોખીનોએ મનભાવતાં ભોજન આરોગ્યાં હશે, થોડાંકે જીવતાં જગતિયાં કર્યાં હશે ને અમુક જણાએ સ્વર્ગમાં એડવાન્સ બુકિંગ કરાવવા દયાધર્મ ને પ્રાર્થનાઓ પણ શરૂ કરી દીધી હશે.... ને વસંતપંચમીએ પૃથ્વીનો પ્રલય ના થયો ત્યારે કોઈએ પેલા બ્રાહ્મણની ફેંટ નહોતી પકડી કે મૂરખ બન્યાનો – ભોંઠપનો – ભાવ નહોતો અનુભવ્યો.... ઊલટાના કેટલાક પુણ્યશાળી જીવો એમ માનવા માંડેલા કે આપણે કરેલ પુણ્યને પ્રતાપે જ પ્રભુએ પ્રલય કરવાનો વિચાર માંડી વાળ્યો....

ને પૃથ્વીના ખંડ ચાર નહીં, પણ શાસ્ત્રમાં લખ્યા પ્રમાણે નવ છે એમ પ્રજા શ્રદ્ધાપૂર્વક માનતી, લોકોને ચીન ને વિલાયત વચ્ચેના ભેદની પણ ખબર નહોતી.(૧૯૬૨ પહેલાં આપણને કયાં ખબર હતી!). આ બંને દેશો પાસપાસે એકદમ પડોશમાં આવેલા છે એમ સૌ માનતું. કોઈક તો વળી પૂછતું'ય ખરું કે હેં ભૈ, અહીંથી આપણે નીકળીએ તો પહેલાં ચીન આવે કે વિલાત?

હિન્દુસ્તાન જ કેમ, ગુજરાતની ભૂગોળ ભણેલ લોકને પણ ખબર નહોતી. ખુદ નર્મદને જ ચુડા – રાણપુર જવું હતું તે ભાવનગરથી દસ-બાર ગાઉ દૂર હશે એટલે ચાલતા જઈ શકાશે એમ ધારી સુરતથી તે ભાવનગર ગયો ત્યારે તેને જાણ થઈ કે તે ધાર્યા કરતાં લગભગ ચારેક ગણું દૂર છે.

અને હિન્દુસ્તાનીઓ બહુ જ્ઞાની ના થઈ જાય એની અંગ્રેજ અમલદારો ખાસ તકેદારી રાખતા....એક વાર એક અંગ્રેજ કલેક્ટરે હાઇસ્કૂલના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવા માંડી ત્યારે હેડમાસ્તરે તેને વ્યાકરણ અને ભૂગોળના સવાલો વિદ્યાર્થીઓને પૂછવા વિનંતી કરી એટલે મોઢું કટાણું કરી તે બોલ્યો હતો : what ! Grammar and Geography to the blacks!... આવી દયનીય હાલતમાં પ્રજા જીવતી.... ખુદ નર્મદે લખ્યું છે કે તે એક ધર્મશાળામાં ઊતર્યો ત્યારે ત્યાં બેઠેલ એક નાગર સ્ત્રીએ તેને પ્રશ્ન કર્યો : 'કંઈ સરકારી કામે આવ્યા છો?' નર્મદે ના પાડી એટલે એ સ્ત્રીએ મોં બગાડયું. નર્મદ પછી કોમેન્ટ કરે છે : 'જે દાખલાથી જણાશે કે જિલ્લાના લોકમાં સરકારી કામદારનું કેટલું માન છે તે! વેપારી ને પંડિતની આબરૂ થોડી, પણ હલકા કારકુનની વધારે....' (એ તો સારું થયું કે નર્મદે તે નારીને કહ્યું નહીં કે તે કવિ છે.)

પ્રજામાં વ્યાકરણનું જ્ઞાન તો અતિ અલ્પ, ને ગદ્ય-પદ્ય વચ્ચેના ભેદની પણ જાણ નહીં. (એક આડવાત : આપણા એક મૂર્ધન્ય (!) કવિએ ઇલેકટ્રોનિકસની એક દુકાનમાંથી ટેપરેકોર્ડર ખરીદ્યું. પોતાનું બોલેલું ટેપ કરવાના અખતરામાં પોતાનો એક ગદ્યખંડ બોલ્યા જે ટેપ થયો ને એક કવિતા બોલ્યા તે ટેપ ના થઈ. દુકાનદાર પાસે જઈને તેમણે ફરિયાદ કરી કે બંધુ, રેકોર્ડરમાં ગદ્ય ટેપ થાય છે પણ પદ્ય ટેપ નથી થતું, એમ કેમ ? જવાબમાં દુકાનદારે

મજકમાં કહ્યું : 'આ ટેપમાં એવી વ્યવસ્થા છે, ગદ્ય જ ટેપ થાય, પદ્ય નહીં....ને કવિ તે સાચું માની ગયેલા.) ગદ્ય સાવ વણખેડાએલું. ચિઠ્ઠી કે દસ્તાવેજમાં 'હુગમરટપર' જેવા કાનામાત્ર વગર અક્ષરોનો લખાણમાં ઉપયોગ થતો. સામાન્ય પ્રજા કાકા અજમેર ગયા છે એમ લખવાને બદલે 'કક અજમર ગય છ' એમ લખતી. ૧૮૪૦માં કેળવણી ખાતાએ ગુજરાતી પુસ્તક છપાવ્યું જેમાં આ પ્રકારની ભાષા વપરાઈ હતી : 'જેહનો વીશવાશ નહીં : તે નબલો હોઅ તોઅ પણ તે થકી બીક નહીં : અને ૧૮૪૬ના જુલાઈની પહેલી તારીખે શરૂ થયેલ 'ગનેઆન પરસારક'ના ગદ્યનો આ છે નમૂનો : 'જરે ગનેઆન પરસારક ચોપાનીઉઆ એ ટાપુમાં પહેલ વહેલું પરવરતાથી ઉતારે એવી. હમને. ઈનતેજારી. હતી. કે. કેઆરે એ. આએ. ટાપુમાં. ફેલાવો.. પામે. પણ. શ્રુકર ખોદાના કે. હમુને. તે. ઈઅજદાએ. પુરી. પાડીય. અને. આપણા. દેશીઓએ. હમને. સારી. મદદ. આપીય....' આ પરથી ખ્યાલ આવશે કે ગદ્યક્ષેત્રે નર્મદે કેવું કામ કર્યું હતું !

*

એ જમાનો એટલો પછાત કે વિધવાના પુનર્લગ્નની વાત પણ જાહેરમાં ના થઈ શકે. એ વખતના સમાજની પકડ કેટલી મજબૂત હતી એની એ વાત પરથી ખબર પડશે કે ગોવર્ધનરામ ત્રિપાઠી પોતાની મહાનવલ 'સરસ્વતીચંદ્ર'ના નાયકને કુમુદસુંદરી સાથે પરણાવવા ઇચ્છતા હતા,

પણ કુમુદ વિધવા હતી એટલે કાગળ પરનાં તેમનાં આ લગ્ન સમાજ નહીં સ્વીકારે એવી દહેશતને કારણે એ બંનેને પરણાવવા જેટલી હિંમત લેખક દાખવી શકેલા નહીં 'પેપર ટાગયર' બનવા જેટલી નૈતિક હિંમત તે બતાવી શકયા નહોતા.

કરસનદાસ નામનો એક વિદ્યાર્થી વિધવાવિવાહ વિશેની નિબંધસ્પર્ધામાં ભાગ લેવા, ઘરને ખૂણે બેસીને કાગળ પર નોંધ કરતો હતો, મુદ્દા ટપકાવતો હતો ત્યાં તેની કાકીને ખબર પડી ગઈ એટલે તેણે આ કુલાંગારને ઘરની બહાર તગેડી મૂકીને આખું ઘર ગંગાજળથી પવિત્ર કરેલું–'હલકટે રાંડેલીઓને પરણાવવા માટેના કાગળો તૈયાર કર્યા !–ધિક્કાર છે એની જણનારીને....'

કોઈ માથાફરેલ માણસ વિધવાના પુનર્લગ્નની હિમાયત કરવા, તેનો પ્રચાર કરવા નીકળે તો તે જ્યાં બેસીને આ વિષય અંગે ચર્ચા કરતો હોય ત્યાં તેના ગયા પછી ઘરના માણસો ચોકો કરી દે, તેવી સખત તિરસ્કારવૃત્તિથી તેની સામે જોવામાં આવતું....આવા જડ અને રૂઢિચુસ્ત સમાજની વચ્ચે ઊભા રહીને વિધવાવિવાહની હિમાયત કરવી એટલું જ નહીં, નર્મદે સમાજના ફિટકાર વચ્ચે દિવાળી અને ગણપતનાં પુનર્લગ્ન કરાવી આપેલાં.... સુધારાવાળા બધા હિંમત ગુમાવી બેઠા ત્યારે, 'તમે તમારે બેસી રહો બાયલાઓ....' કહી તે એકલો જદુનાથ મહારાજ

સાથે વિધવાના પુનર્લગ્ન સંબંધે જાહેરમાં વિવાદ કરવા ગયેા હતેા.

સવિતાગૌરી નામની એક વિધવાને તેણે પડેાશના પેાતાના મકાનમાં આશરેા આપ્યેા હતેા ને આ ઘેાર અપરાધ માટે તેને ન્યાતબહાર મૂકવામાં આવ્યેા હતેા. એ સ્ત્રીએ તેનેા આશ્રય છેાડી દેતાં તેને ફરથી ન્યાતમાં લેવામાં આવ્યેા હતેા.

અને નર્મદા નામની સ્વજ્ઞાતિની એક વિધવાને પેાતાની ન્યાતના એક મુરતિયા સાથે પરણાવવાની તજવીજ નર્મદે કરી હતી, પણ એ વાત ફૂટી જતાં તે યુવાનને ઘરમાં પૂરી દેવામાં આવ્યેા. નર્મદા નક્કી કરેલ સમયે ને સ્થાને આવી ગઈ. લગ્નની બેતૃતીયાંશ તૈયારીએા થઈ ગઈ હતી. કન્યા ને ગેારમહારાજ તૈયાર હતાં, પણ મહત્ત્વનેા માણસ વરરાજા ગેરહાજર હતેા. પરસ્ત્રીનું અપહરણ કરવા માટે નર્મદને પેાલીસને સેાંપવાની ધમકી અપાઈ. નર્મદા ગભરાઈ ગઈ, નર્મદ પર અકળાઈ ઊઠતાં તે બેાલી : 'તમે મારી આ દશા કરી, હવે કેાઈ ના મળે તેા તમે જ મારી સાથે લગ્ન કરેા....' અને એ જ મુહૂર્તે નર્મદા નર્મદાશંકર દવે (પિયરનું નામ)માંથી તે નર્મદાગૌરી નર્મદાશંકર દવે બની ગઈ. જોકે આ એક દંતકથા જ હેાય એમ જણાય છે; કેમ કે નર્મદને ખરેખર પરાણે લગ્ન કરવાં પડયાં હેાત તેા પેાતાની આત્મકથામાં તેણે આ

અંગે બીજી અનેક વાતોની જેમ ચોક્કસ લખ્યું હોત. (એ અરુ કે ડાહીગૌરી વિશે તેણે લખ્યું છે એ રીતે નર્મદ્ા અંગેના કોઈ ખાસ ઉલ્લેખ આત્મકથામાં જોવા મળતો નથી – ડાહીને પોતે કરેલ અન્યાય બદલ મરવા અગાઉ તેની માફી પણ માગી છે. આ કારણે તે બીજી વખત ન્યાત બહાર મુકાયેલો, પણ આ વખતે તો તેણે જ આખી ન્યાતને બહાર મૂકી દીધી હતી....છેક અવસાન સુધી. તે ન્યાતમાં પાછો ફર્યો નહોતો.)

નર્મદ તેના પિતાનું એકમાત્ર સંતાન હતો, એ રીતે નર્મદને પણ જયશંકર (ઉર્ફે બક્કો) નામે એકમાત્ર પુત્ર હતો. નર્મદના અવસાન બાદ જયશંકર વયસ્ક થતાં તેને માટે પોતાની તેમ જ અન્ય જ્ઞાતિઓમાં ભણેલ-ગણેલ કન્યાઓ મળતી હતી, પણ લગ્ન કરવાની તેણે સ્પષ્ટ ના પાડી દીધી. જ્યાં સુધી સમગ્ર હિન્દુસમાજ પુનર્લગ્નથી થતી સંતતિને જ્ઞાતિવ્યવહારમાં સ્વીકારે નહીં ત્યાં સુધી પોતે લગ્ન નહીં કરે. જ્ઞાતિમાં પોતાની જે સ્થિતિ થઈ હતી તે પોતાનાં બાળકોની ન થાય એથી જ કદાચ તે, બાપે કરેલી એવી વિધવાલગ્નની ભૂલનું, ઇતિહાસનું પુનરાવર્તન કરવા નહીં ઇચ્છતો હોય (અને જ્ઞાતિમાં કન્યાઓની અછત હોવા છતાં તેના બાપે અનેક વખત લગ્ન કરી ઘણા પુરુષોનો કવોટા ખતમ કરી નાખ્યો તેના પ્રાયશ્ચિત રૂપેય કદાચ લગ્ન કરવા તે તૈયાર નહીં હોય !) અથવા તો હામ હારી બેઠો હશે !–આ કારણે જ તેણે કહ્યું હતું કે 'પુન-

લગ્ન કરીને હું નાગરજ્ઞાતિમાંથી નીકળી જવા માગતો નથી. અને પુનર્લગ્ન કરીને વંશ રાખવાની મારી મરજી નથી....' પરમા ડાહી ગૌરીએ પણ મરણ વખતે તેને સલાહ આપી હતી કે પુનર્લગ્ન કરી સંસારી થવાનો વિચાર તો તું કરતો જ નહીં – આ પરથી લાગે છે કે નર્મદે કરેલ પુનર્લગ્નથી આ પરિવારે કેટલી બધી માનસિક યાતના વેઠી હશે !....

*

એક એવી રમૂજ છે કે એક માણસ સ્વર્ગના બારણા પાસે ઊભો રહ્યો ને દ્વારપાલને તેણે વિનંતી કરી : 'મને સ્વર્ગમાં પ્રવેશ આપોને !' 'જે માણસે જીવનમાં બહુ કષ્ટ વેઠ્યાં હોય તેને જ સ્વર્ગમાં સ્થાન મળી શકે....બોલ તેં એવાં કોઈ કષ્ટ વેઠ્યાં છે ?' પેલો બોલ્યો : ' હું પરણેલો છું....'

'તો પહેલાં બોલી નાખવું જોઈએ ને ! આવી જા અંદર....' કહી દ્વારપાલે તેને સ્વર્ગમાં દાખલ કરી દીધો. તેની બાજુમાં ઊભેલા બીજા એક માણસે દ્વારપાલને માહિતી આપી : ' હું બે વખત પરણેલો છું....મને સ્વર્ગમાં સ્થાન મળશે જને !' તેને ધક્કો મારી બહાર કાઢતાં દ્વારપાલે જણાવ્યું : 'તું શું સમજે છે ? આ તે સ્વર્ગ છે કે પાગલખાનું !'

નર્મદ બે સ્ત્રીને પરણેલો હતો, ત્રીજી સ્ત્રી સાથે લગ્ન નહોતાં કર્યાં, પણ આશરો દીધો હતો, વિધવા હતી બિચારી! તેનું ચાલત તો ગામથી એકેએક વિધવાને તે પરણી નાખત. જોકે કુળવંતી ને ડાહી સ્ત્રીઓ સાથે (ફક્ત મનના સમાધાન ખાતર) તે સહવાસ રાખતો. તેનું સ્ત્રીદાક્ષિણ્ય ઊંચા પ્રકારનું હતું.... આ કારણે કોઈક વાર ઘરમાં ઝઘડાય થતા હશે....એક દિવસ તેની બંને પત્નીઓ વચ્ચે કોઈ મુદ્દા પર તકરાર થઈ. આથી અકળાઈને નર્મદે ઘરનાં ટાંકામાં પડતું મૂક્યું. પાસપડોશમાં હોહા થઈ ગઈ. કવિ પડ્યા, કવિ પડ્યા બચાવો.... નો દેકારો બોલાયો. કવિને બચાવવા કેટલાક ટાંકામાં ઊતર્યા ને જોયું તો કવિ પાણીમાં મોજથી તરતા હતા.

પણ સંસારસાગરમાં કવિને બહુ કષ્ટ પડ્યું હતું; કેમકે એમાં તો સામાં મોજાંએ તરવાનું હોય છે. થોડોક અવ્યવહારુ હોવાને લીધે તેને વધુ સહન કરવું પડ્યું હતું. 'સરસ્વતીમંદિર' મકાન બાંધવામાં લક્ષ્મી પગ કરી ગઈ. માથે દેવાનો ડુંગર ખડકાઈ ગયો. માથે પાઘડી કરતાંય મોટું દેવું હોવા છતાં ખર્ચ પર તે કાપ મૂકતો નહીં. પાછો હઠે ચડેલો કે જોઉં છું કયાં સુધી આવી હાલત રહે છે!.... આટલું ઓછું હતું તે દેવું કરીને મોટા ગ્રંથો પ્રગટ કર્યા. તેનો 'નર્મકોશ' ભાવનગરમાં છપાતો હતો ત્યારે તેની કલમ સખણી ના રહી ને ભાવનગરના નાગરોનો ઉપહાસ કરતું કંઈક લખાણ 'ડાંડિયો'માં લખ્યું

(કે પછી છાપ્યું) ને આથી ગુસ્સે થઈને ભાવનગરના કારભારીએ તે કામ અટકાવી દીધું. 'નર્મકોશ' અધવચ્ચે જ અટકી ગયો. નર્મદનું નાક દબાવવા કોશિશ થઈ, પણ નાકલીટી તાણવાને બદલે બાકીનો ભાગ તેણે પંડને ખર્ચે છાપી નાખ્યો – ડૂબ્યા ભેગા બે વાંસ વધુ.... પ્રેમાનંદ ને દયારામને અમર કરવામાં, તેમની કવિતાઓનાં પુસ્તકો પ્રગટ કરવામાં તે તન, મન ને ધનથી તૂટી ગયો. પ્રજામાં પુસ્તક ખરીદીને વાંચવાનો ચાલ નહીં. (રશિયાના પ્રવાસે જઈ આવેલ મિત્ર ચંદ્રકાન્ત બક્ષીએ લખ્યું છે કે રશિયામાં લોકો પગારના દિવસે પગાર મળતાં જ, ઘેર જવાને બદલે સીધા પુસ્તકોની દુકાને પહોંચી જઈ પુસ્તક ખરીદવા લાઈનમાં ઊભા રહી જાય છે....હે નર્મદ ! તું રશિયામાં જન્મ્યો હોત તો તારે આ દિવસ જોવાનો ને અમારે લખવાનો ન આવત.) આ બધાં કારણોસર તે આર્થિક રીતે બુવાર થઈ ગયેલો....

પણ સ્વમાની ઘણો, મોં પર તમાચા માર્યા વગર, પાન ખાઈને, મોં લાલ રાખતો. કોઈની ખુશામત કરે નહીં. આત્માભિમાન પણ ભારે. તેના ધનિક મિત્ર કરસનદાસ માધવદાસની એ વખતે ચડતી. મિત્રોને તેમણે શેરો વહેંચ્યા. એક મિત્રે નર્મદને જણાવ્યું કે એમની પાસે જવાથી તે શેર આપશે. નર્મદે નનૈયો ભણ્યો. મિત્રે સમજાવટથી કહ્યું કે 'જો ભાઈ, માગ્યા વગર તો મા પણ નથી પીરસતી....' નર્મદે સામે કહ્યું : 'જો મા જ છે તો

હઠીલા બાળકને પણ બગડાવશે જ.... ને મિત્ર તો માગ્યા વગર જ આપશે....' કરસનદાસ શેઠે તેને સામેથી બોલાવ્યો ત્યારે તે ગયો. શેઠે તે હઠીલા બાળકના કાનમાં કહ્યું : 'તમારા માટે એક શેર રહ્યો છે' એ શેર શેઠે નર્મદને આપ્યો જે વેચતાં તેને રૂ. ૫૭૦૦/–નો નફો થયો હતો. પૈસા આવ્યા એટલે તરત જ પહેલું કામ તેમાંથી કરજ ફેડવાનું કર્યું.

જ્યારે નાણાભીડના વિચારો આવે ત્યારે તે કવિતા લખવા બેસી જતો. એક દિવસ તો ઘરમાં ચાર જ આના હતા ત્યારે 'આ પણ એક રંગ છે' કહીને એક દિવસ તેણે દૂધ – પૌંઆથી બોંચી કાઢ્યો હતો. ને એ સાંજે ટપાલીએ આપેલ કવરમાંથી રૂા. ૫૦૦–૫૦૦ની બે નોટો નીકળી હતી. (આ પણ એક રંગ જ છે ને!). આ મોકલનારે સાથેની ચબરકીમાં લખ્યું હતું : 'Form your best friend and admirer....!' મઝાની વાત એ છે કે ટપાલીએ નર્મદને પૈસાવાળું કવર આપ્યું તે વખતે ટપાલ દ્વારા પૈસા મોકલનાર દેસાઈજી હરિપ્રસાદ સંતોકરામ તેની સાથે બેસીને વાતોના તડાકા મારતા હતા ને એ પળોના નર્મદના મનોભાવ વાંચતા હતા. મિત્રો કવિનું સ્વમાન સાચવતા, તેનું ગૌરવ જાળવીને મદદ કરતા. મિત્રોની બાબતમાં નર્મદ ઘણો ભાગ્યશાળી હતો.

*

પોતે જે મૂલ્યોમાં શ્રદ્ધા રાખતો એ મૂલ્યોનો ત્યાગ પૈસા માટે નર્મદે કયારેય નહોતો કર્યો. તે જે માનતો એ જ પ્રમાણે વર્તન કરતો. તેના વાણી ને વર્તનમાં સાતત્ય જોવા મળે છે. પોતાનાં પુસ્તકો સુપાત્રોને અર્પણ થાય એમ તે ઇચ્છતો. ને જ્યાં સુધી કોઈ હિન્દુ (સ્તાની) મળે ત્યાં સુધી અંગ્રેજને અર્પણ નહીં કરવાની તેની કાયમી ઇચ્છા રહેતી. તેણે તૈયાર કરેલ ગુજરાતી કોષના સંદર્ભમાં તેણે જણાવ્યું હતું કે ઘણાં વરસે, ઘણા શ્રમે પૂરું થયેલું પુસ્તક પરીક્ષા વિનાના જનને અર્પણ કરવું એ મારી એ ગ્રંથની શોભા નહીં. માટે મારો વિચાર એ કોશ ગુજરાતી લોકોને જ અર્પણ કરવાનો હતો.... ગુજરાતી પ્રજાને તે અર્પણ પણ કર્યો છે.

કરસનદાસ પાસેથી એક પુસ્તક પ્રગટ કરવામાં તેને મદદ મળે તેમ હતી, પણ શેરબજારમાં શેઠ પૈસેટકે ખંખેરાઈ ગયા એટલે મિત્ર નવલરામે નર્મદને વ્યવહારુ ઉકેલ આપ્યો કે આ પુસ્તક પાછળ ઘણો ખર્ચ થયો છે માટે કોઈક બીજાને તે અર્પણ કરો જેથી તેનો ખર્ચ નીકળી જાય, કરસનદાસ આ અંગે કશું જ નહીં બોલે ને નર્મદે તેમ કર્યું હોત તો નર્મદ તરીકે એ જ ક્ષણે તે મરી ગયો હોત – વારંવાર આર્થિક મુશ્કેલીઓમાં હોવા છતાં એ ગ્રંથ તેને કરસનદાસ શેઠને જ અર્પણ કર્યો. પૈસો એ હાથનો મેલ હોવા છતાં તેનાથી બીજા ઘણા બધા મેલો ધોઈ શકાય છે એની જાણ હતી તોપણ પૈસાને તેણે

જરૂર કરતાં વધુ મહત્ત્વ કયારેય નથી આપ્યું કે પૈસા માટે દીન કે રાંક બનીને કોઈની આગળ હાથ લાંબો કર્યો નથી, ખૂબ સ્વમાનભેર તેણે જીવી નાખ્યું.

ઘણીબધી બાબતોમાં દલપતરામ સાથે તેણે સ્પર્ધા કરી હતી, પણ ધન કમાવામાં તેમની સાથે કોઈ દિવસ તે હરીફાઈમાં નહોતો ઊતર્યો. તેણે મક્કમપણે નક્કી કરેલું કે કોઈ પણ ભોગે શૅરસટ્ટામાં ના પડાય, એ અનૈતિક છે – એટલે એ તો પોતાના આદર્શના એવરેસ્ટ પર ઊભો રહીને શૅરબજારની ગમ્મતો જોયા કરતો ને બાળકોને શૅરનાં કાગળિયાંના કનકવા ચગાવવાનું કહીને મનમાં મરકયા કરતો.

અને તે જેટલા સ્વમાનથી જીવેલો એટલા જ સ્વમાનભેર દેવું ચૂકવ્યા પછી જ મર્યો હતો. ચોવીસ ચોવીસ વરસ સુધી સરસ્વતીના કઠણ ખોળે તે માથું ટેકવી શકેલો ....આજની તારીખમાં કવિ તરીકે ચોવીસ દિવસ પણ સરસ્વતીના ખોળે માથું મૂકી ના શકાય. (એક કલમજીવી કવિએ એક સામયિકના તંત્રીને પત્ર દ્વારા પુછાવ્યું કે તમે કાવ્યો પ્રગટ કરો છો ? જેના પ્રત્યુત્તરમાં એ મૅગેઝિનના તંત્રીએ જણાવ્યું કે અમારા મૅગેઝિનનું લવાજમ ભરો તો તમારી કવિતા છાપીએ. કવિતાઓને ફૂટપટ્ટીથી માપીને સેન્ટીમીટરના નયા પૈસાના ધોરણે પુરસ્કાર ચૂકવવામાં આવે છે....)

પણ તેને જ્યારે લાગ્યું કે હવે બહુ થયું, માત્ર કલમ

પર ઇજ્જતભેર જીવવામાં તકલીફ પડશે એટલે મિત્રો પાસે માગી માગીને તેણે નોકરી માગી. એ ધર્માદાખાતામાં રૂપિયા ૧૦૦/ના પગારથી નોકરી શરૂ કરી. જેટલા પૈસાની તે આંખના પલકારામાં ખેરાત કરી નાખતો, ધર્માદા આપી દેતો તેથીય ઓછી માસિક આવકમાં ચાકરી કરવા તે તૈયાર થઈ ગયો. કેટલી–વેદના થઈ હશે આ નોકરી પર જતાં ! (આ તો જે મુનીમને નામું લખવા રાખ્યો હોય એ મુનીમને ત્યાં ચોપડા લખતાં શેઠને લાગે એવો આઘાત લાગ્યા જેવું ગણાય.) કહેવાય છે કે આ નોકરી શરૂ કર્યા પછી, કલમને ખોળે માથું મૂકવાનો ટેક જવાથી તે એક પણ વાર હસી શકેલો નહીં. શેર જુવારમાંથી તો નહીં તે જાઉં એવો ફાંકો ઊતરી ગયાનો ઊંડો જખમ તેને પડ્યો હતો....

*

ચાહત જ દુઃખનું કારણ બને છે એ ઉક્તિ નર્મદના કિસ્સામાં સાચી ઠરી....કવિતા, એ તેનો પહેલો પ્રેમ હતો. તે કહેતો કે કવિતા એ જ મારા જીવનની જડીબુટ્ટી છે. કવિતા તેની નોળવેલ હતી – એ રૂવે રૂવે કવિ હતો. કવિતા-પ્રેમથી પ્રેરાઈને તેણે નરસિંહ મહેતાથી માંડીને દયારામ સુધીના કવિઓની સમગ્ર કવિતાઓ પ્રગટ કરવા અંગે રૂપિયા ૨૫૦૦૦/– મેળવવા પ્રજાજોગ એક ટહેલ પણ તા. ૧-૩-૧૮૬૫ના રોજ નાખી હતી.

તેની આંખમાં કવિતા, સુરમાની જેમ અંજાયેલી હતી, તેની નજર પણ આશિકાના હતી. તે કહેતો : I can write on any Subject because I can see Poetry in Everything,.. અત્યંત સંવેદનશીલ હૃદય હોવાને લીધે બધી વસ્તુઓમાં તેને કવિતાનાં દર્શન થતાં....

એક દિવસ તે ગામમાં લટાર મારવા નીકળ્યો ત્યાં તેણે એક બુઢ્ઢી વેશ્યાને પોતાની યુવાન પુત્રીના મરણથી કલ્પાંત કરતી જોઈ. તેનું દિલ વલોવાઈ ગયું ને તરત તેણે એ પર એક કવિતા લખી નાખી....

તે કવિતા કરતો ને એ કવિતા શા પરથી, કયા પ્રસંગને કારણે ઉદ્ભવી તેની ફૂદડીમાં નોંધ લખતો. 'નર્મદ આખરે જુદાઈ જ !' આ કવિતા અંગે તે જણાવે છે કે પ્યારીની જુદાઈ થવાની હતી તે પ્રસંગે પ્યારીએ નર્મદનો ફોટોગ્રાફ માગ્યો તે પરથી તે તસવીર પડાવવા બેઠો ત્યારે એકદમ દુઃખી થઈ ગયો કે હાય જુદાઈ! તે જ બહાને તસવીર પડે છે !

—ચાલતી ટ્રેનમાં એક સન્નારી બારી પાસે બેઠી હતી. આપણો કવિ તેને ટીકી રહેલો. તે સ્ત્રીએ શરમથી મોઢું અંદર લઈ લીધું ને કવિતા બહાર આવી ગઈ.... (ખરું કહીએ તો આ કવિતા તે સ્ત્રીની શરમમાંથી નહીં પણ કવિની બેશરમીમાંથી પ્રગટી હતી....)

એક દિવસ તે ઘરની બારીમાં બેઠો હતો એવામાં

ઠંડા પવનની લેરખી શરીરને અડકી એટલે કવિતા જોડી કાઢી....કવિતા લખવા માટે તે બહાનું શોધતો, બહાનું જડ્યું નથી ને કવિતા ફટકારી નથી.

— ૧૮૮૨માં મહારાણી વિકટોરિયા પર વાલકેશ્વરમાં ગોળી છોડવામાં આવેલી, એમાંથી તે બચી ગયાં અને કવિએ કવિતા જોડી દીધી. (રાણી ગોળીબારમાંથી ના બચ્યાં હોત તો પણ નર્મદે તેમના પર ચોક્કસ કવિતા લખી નાખી હોત.)

—સુરત પરની કવિતા 'આ તે શા તુજ હાલ, સુરત સોનાની મૂરત. થયો પૂરો બેહાલ સુરત તુજ રડતી સૂરત, એક દિવસ એવું બન્યું કે આપણો કવિ લખતો હતો ત્યાં તેની એક સખી તેની પાસે પહોંચી ગઈ. દયામણા ચહેરે, એક સરેરાશ સ્ત્રીની જેમ કવિને તે ફરિયાદ કરવા લાગી : 'તમારો પ્યાર આજકાલ મારા પરથી છેક ઊતરી ગયો છે....' જેના જવાબમાં કવિએ જણાવ્યું : 'એવા ગાંડા વિચારથી તારી સૂરત ફીકી પડી ગઈ છે' એ કહેતાં જ તેને સુરત (શહેર) પર લખવાનો જોસ્સો થયો.

એક વાર તે મૃત્યુના વિચારથી ગભરાઈ ગયો. તેને થયું કે તેનું મૃત્યુ જલદી આવશે. (તેના પરિવારમાં પુરુષોએ વહેલા મરવાની પ્રણાલી પાડી હતી....તેનો પુત્ર જયશંકર માત્ર ૩૫ વર્ષની વયે અવસાન પામેલો.) તેના મૃત્યુથી તેની પ્યારાં-પ્યારી દુઃખી થશે એમ માનીને તેણે 'નવ કરશો કોઈ શોક રસિકડાં' કવિતા લખી.

પ્રીતિનાં દુઃખથી (તે બે જ પ્રકારનાં દુઃખોથી પીડાતો, સ્ત્રીનાં ને શ્રીનાં) બહાવરો બની જતો ત્યારે કવિતા લખવા બેસી જતો. પ્રીતિ અંગે તેણે લખેલી કેટલીક કવિતાઓ નશામાં કે ઊભરામાં લખી હોવાની સ્પષ્ટ છાપ પાદટીપોમાંથી મળી આવે છે....એક મિત્રને ત્યાં દારૂ સાથે ભોજન લીધા બાદ દરિયાકાંઠે ચાંદનીમાં તે સૂતો હતો ત્યાં તંદ્રાવસ્થામાં કવિતા જોડી કાઢી હતી....પાછો નિખાલસ એટલો કે કવિતા દારૂ પીવાથી સૂજે તો ફૂટનોટમાં લખે : 'નશાના ઊભરામાં.' લોક શું કહેશે એ અંગે તે કયારેય દરકાર નહોતો કરતો. (એક કવિના ગુસ્સા વિશે અમે તેમના ચરિત્રમાં લખ્યું ત્યારે કવિએ કોઈકના મોઢે કહેલું કે આ રીતે લખાતું હશે!....લખનારે મારી 'ઇમેજ'નો ખ્યાલ કરવો જોઈએ કે નહીં? સો વર્ષ પછીની પ્રજા મારે વિશે શું ધારશે?)

કાવ્યક્ષેત્રે પોતાના સ્થાન વિશે તે ચોક્કસ હતો, અને આ અંગે તે જરા પણ નમ્ર નહોતો. હોમરને કવિ લેખે પૂરા ૧૦૦ માર્ક્સ આપતો, પ્રેમાનંદને ૬૦ ગુણ આપતો ને પોતાને ૭૦ ગુણ....પ્રેમાનંદ કરતાં તે આગળ છે એવું માનતો ને મનાવવા કોશિશ પણ કરતો. તે કહેતો : 'વીરરસ મેં જ લખ્યો છે ને ઘણો સારો લખ્યો છે, માત્ર યુદ્ધવર્ણનો નથી કીધાં એટલું જ બાકી છે....' દયારામને તે (પોતાની સરખામણીમાં) ૪૦ માર્ક્સ આપતો ને શામળને ફક્ત ૩૦ માર્ક્સ– કવિ તરીકે નાપાસ....ને દલપતરામનો

તો એકડો જ કાઢી નાખેલો.... કવિ તરીકે સ્વીકારતો નહીં'....

*

આપણો કયો કવિ અંગ્રેજી સાહિત્યના કયા કવિનો સમકાલીન હતો એ તેણે વર્ષવાર, રસપૂર્વક જણાવ્યું છે.... નરસિંહ મહેતા સને ૧૪૫૭માં, અંગ્રેજી આદિ કવિ ચૉસરના મરણ બાદ પચાસેક વરસ પર થઈ ગયો. મીરાંબાઈ ૧૫૬૦માં શેકસપિયરની લગભગમાં થઈ ગઈ. (શેકસપિયર અને મીરાં એકબીજાને મળ્યાં હોત તો! આ કલ્પનાથી આપણને કેટલો બધો રોમાંચ થાય છે! આપણા એક કવિ શેકસપિયરના વતન સ્ટ્રેટફર્ડમાં ગયા ત્યારે તેના સ્ટેચ્યુ સામે ઊભા રહીને હર્ષથી છૂટા મોંએ રડી પડેલા, શેકસપિયરને જાણે સન્મુખ 'ફીલ' કરતા હતા....) અબો સને ૧૬૪૯માં, અંગ્રેજ કવિ મિલ્ટનનો સમકાલીન....પ્રેમાનંદ સને ૧૬૭૬, મિલ્ટન સમયમાં ને દયારામ સને ૧૮૪૮, કવિ બાયરન-વર્ડ્‌ઝવર્થના સમયગાળામાં થઈ ગયો....આ બધી તવારીખ આપ્યા પછી તેણે ઉમેર્યું છે : 'પણ ખરું પુછાવો તો સંસ્કૃત ને અંગ્રેજી કવિઓ આગળ આપણા કવિઓ કંઈ વિસાતમાં નથી....' (સુરેશ જોષી પણ એમ કહી કહીને મરી ગયા).

*

પ્રજાની કવિતા વિશેની સમજ બાબત નર્મદને બહુ ભરોસો નહોતો. તેના મતે પ્રજા કવિતા બરાબર સમજી શકે એવી શક્તિ તેનામાં આવી નથી. (આજના કવિની

પણ આ જ ફરિયાદ છે.) આ કારણે તે પોતે જ તેની કવિતાની પ્રજાને સમજ આપવા તત્પર રહેતો. તેના મિત્રો તેને ટપારતા કે ભાઈ, કવિતા જેટલી ઓછી સમજાય કે પછી સમૂળગી ના સમજાય તેમાં જ કવિને વધારે માન મળે છે. કવિ લખે કંઈક ને લોક સમજે જુદું એમાં જ કવિની વડાઈ ગણાય. (એક આડવાત : આધુનિક વાર્તાકાર કિશોર જાદવની એક વાર્તા 'કૉરિડોર' વાંચીને આપણા બે વિદ્વાનો–ડૉ. હરિવલ્લભદાસ ભાયાણી અને ડૉ. ભોળાભાઈ પટેલ સાથે મળીને, છ માસ સુધી શ્રમ લઈને તે વાર્તાનો અર્થ બેસાડવા મથ્યા. ત્યાર બાદ તેમણે લેખકને પત્ર લખ્યો કે તમારી વાર્તાનો આ અર્થ અમે તારવ્યો છે, બન્ને વિદ્વાનો પરથાળા પ્રયાસને નિષ્ફળ ઠેરવતાં કિશોર જાદવે જણાવ્યું કે તમે બન્ને મારી વાર્તાનો જે અર્થ સમજ્યા છો એ મને અભિપ્રેત નથી).

પોતાની કવિતા વિશે નર્મદનો મત ઘણો ઊંચો હતો. એ સમયગાળામાં લખતા તેમ જ આગળ લખી ગયેલા (ને કદાચ હવે પછી લખનારા) કવિઓના મુકાબલે પોતાની કવિતાને તે વધુ ઉચ્ચ સ્તરની, વધુ વિત્તવાળી માનતો. કોઈ વિવેચક પર વિશ્વાસ નહીં એટલે પોતાનાં કાવ્યોનું મૂલ્યાંકન તેણે જાતે જ કર્યું હતું, (ને પોતાની જે કવિતાના પ્રેમમાં હતો એ કવિતાઓ પાછલી ઉંમરમાં તેને દીઠી નહોતી ગમતી. એક દિવસ તેના મિત્ર ખાપર્ડેએ તેને કંઈક ગાઈ સંભળાવવા ફરમાઈશ કરી તો કવિએ 'નર્મ-

કવિતા'નો ઘા કરતાં કહેલું : આપકે, બાળી નાખો એ થોથું, મારી પાસે એનું નામ લેશો મા.')

*

પોતાના વિશે નર્મદને આત્માભિમાન અરુ પણ મિથ્યાભિમાન નહીં.... કવિ તરીકે તે પ્રજામાં જાણીતો થયેલો એવામાં એક અંગ્રેજને ગુજરાતી શીખવું હતું. નર્મદ સાથે આ અંગે તેણે વાત કરી, પણ સાથે એક શરત મૂકી કે તેને ગુજરાતી બરાબર આવડે છે એવું સર્ટિફિકેટ તે ઓરિએન્ટલ ટ્રાન્સલેટર વિનાયક વાસુદેવ પાસેથી લઈ આવે તો તેની પાસે તે ગુજરાતી શીખે. નર્મદની જગ્યાએ કોઈ બીજો જણ હોય તો ગુસ્સે થઈને અંગ્રેજને કહી દે કે તારે શીખવું હોય તો શીખ; નહીં તો ભાડમાં જા, પણ નર્મદ આનેય મજાક ગણી વિનાયકરાવ પાસે જઈને બોલ્યો : 'મારી પરીક્ષા લઈ મને સર્ટિફિકેટ આપો કે મને ગુજરાતી આવડે છે....' વિનાયકરાવ શબ્દાર્થમાં આને મજાક સમજ્યા. પૂછ્યું : 'કવિ, મારી મશ્કરી તો નથી કરતાને ?' પછી અંગ્રેજીમાં સર્ટિફિકેટ લખી આપ્યું કે Certified that Narmadashankar Lalshanka is Qualified to teach GUZERATHEE. (સર્ટિફિકેટ આપનારાના ગુજરાતીનો સ્પેલિંગ જોયો !)

આજે ફિલ્મી કલાકારોને જોવા લોકો ટોળે વળે છે, એ રીતે નર્મદને જોવા લોક ટોળે વળતું. મા-બાપ પોતાનાં

બાળકોને દૂરથી બતાવતાં કે જો પેલા કવિ નર્મદાશંકર જાય.... તેની કવિતા સાંભળીને ઘણાને કવિતા કરવાનો ઊભરો આવતો. કામપ્રસંગે તે સુરત જઈ મુંબઈ પાછો ફરતો ત્યારે હજારોની સંખ્યામાં ટોળું તેને લેવા બંદર પર જતું. મુંબઈનગરીમાં એ વખતે બે જ મહાપુરુષો ગણાતા. એક લક્ષ્મીનંદન એવા શેઠ પ્રેમચંદ રાયચંદ ને બીજો આપણો સરસ્વતીપુત્ર નર્મદ. જૂનાગઢના હરિદત્ત કરુણાશંકર શાસ્ત્રી નામના વિદ્વાને નર્મદ પર આફરીન થઈ તેના પર રચેલ એક સંસ્કૃત શ્લોકમાં તેને 'કવિતા-કામિનીકાન્ત'નું સંબોધન કર્યું હતું..... કવિ આજે ફલાણે ઠેકાણે બોલવાના છે, એની અબર પડતાં ગામલોક તેને સાંભળવા દોડી જતું.

કવિ લેખે તેનો આદર પણ ઘણો થતો. તેનો મકાનમાલિક તેની પાસે કોઈ દિવસ ભાડા માટે ઉઘરાણી કરતો નહીં. (બાય ધ વે, આપણા એક કવિને મકાનો બદલવાનો શોખ છે. તેના એક મિત્રે એક દિવસ તેને સલાહ આપતાં કહેલું કે આ રીતે વારંવાર મકાનો બદલવા કરતાં નિયમિત ભાડું ચૂકવી દેતો હો તો!) નર્મદની છબી પોતાની પૂજામાં રાખી મકાનમાલિક રોજ તેની પૂજા કરતો ને કવિ તેનો ભાડૂઆત છે એ વાતે ગામમાં ગર્વથી છાતી કાઢીને ફરતો.... દૂધવાળાથી માંડીને દાણાવાળા સુધીનાઓ તેને આનંદથી ઉધાર માલ આપી જતા. માલ ધીરનારને એવો પાકો ભરોસો કે આ ટેકીલો-સ્વમાની કવિ પૈસા બાકી હશે ત્યાં

સુધી મરવાનું નામ નહીં લે—એ બધા તેમના ભરોસામાં બેરા ઊતરેલા. ઉધારના તમામ શ્વાસ પૂરા કરીને જ તે ગુજરેલો.

તેની શાખ એટલી મોટી હતી કે તે ન્યાતબહાર મુકાયેલો તો પણ ન્યાતની બીક રાખ્યા વગર ઘણા નાગરો તેને ત્યાં જતા—આવતા, ખાતા-પીતા ને વ્યવહાર રાખતા. તે અવસાન પામ્યો ત્યારે લગભગ બધા સુરતવાસી નાગરો તેની સ્મશાનયાત્રામાં જવા એકઠા થયા હતા. ન્યાતના મોવડીઓ પણ પાછળથી મોડા પડી ગયેલા. જ્ઞાતિજનોને એટલી પ્રતીતિ થઈ ગયેલી કે ભલે તે ન્યાતબહાર રહ્યો. પણ ન્યાત તેનાથી ઊજળી છે....

નાગરી ન્યાત જ કેમ, સમગ્ર ગુજરાત તેનાથી ઊજળું હતું, છે. સ્વદેશ કે દેશાભિમાનનો મહિમા ગાનાર તે ગાંધીજીનો પરોગામી હતો. (બે હજાર શ્રોતાઓની જાહેર-સભામાં કવિ બળવંતરાય ઠાકોર એક દિવસ ગર્જ્યા હતા : 'ગાંધીજીએ શું ઉકાળ્યું ? કવિ નર્મદ સાથે એની સરખામણી થઈ શકે જ નહીં. એણે ગુજરાતનું ઘણું નુકસાન કર્યું, પાયમાલ કર્યું.')

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનો પણ તે પુરોગામી હતો. ગુજરાતના બહારવટિયાઓમાં તેણે રસ દાખવ્યો હતો. કાઠિયાવાડમાં થઈ ગયેલ બહારવટિયા સંબંધી વાતો તેમ જ દેશી રાજ્યોમાં વપરાતાં હથિયારોનાં નામ એકઠાં કરવાનું તેણે શરૂ કર્યું હતું. જે કામ હાથ પર લે, એમાં તે

સોંસરો ઊતરી જતો. જગતનો ઇતિહાસ લખવા પાછળ તેણે ૨૦૦ ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. તે કવિતાનો સાચો અંદાજ હોઈ; દયારામને પસંદ નહોતો કરતો છતાં તેની કવિતા તરફ આદર ધરાવતો. કવિને કવિતાથી અલગ પાડી જોતો દયારામ માટેનો મત તેણે આ પ્રકારે જાહેર કર્યો હતો : હું દયારામના ધર્મસંબંધી વિચારોને બિલકુલ પસંદ નથી કરતો, એને મોટા વિદ્વાનની દાખલ માન નથી આપતો, હું એના ક્રોધી તથા અભિમાની સ્વભાવની દયા આઉં છું તો પણ એની દરદી કવિતા ઉપર અને તમામ કવિતાની ભાષા ઉપર આસક્ત છઉં....' દયારામનો એક શિષ્ય નામે રણછોડ–દયારામનાં પદો ગાતો. નર્મદ એ પદો મેળવવા વિનંતી કરી, પણ રણછોડે તેને દાદ નો દીધી; તેને એમ કે નર્મદ તેના ગળા પર પગ મૂકે છે. દયારામનાં પદો રણછોડને કંઠસ્થ હતાં. પદો રણછોડ એ ગીતો ગાતો ત્યાં નર્મદ તેના બે-ચાર માણસોને ગોઠવી દેતો જે કાગળ પર ઉતારી લેતા. આમ કુનેહથી તે દયારામને કાગળમાં કેદ કરી શકેલો.

પ્રેમાનંદ વિશે ફર્સ્ટહેન્ડ માહિતી મેળવવા પ્રમાનંદના વંશમાં થઈ ગયેલ તેના ભાણેજના વંશજ એવા મનસુખરામનું ઘર શોધતો રૂબરૂ ગએલો–પોતાના પુરોગામી પ્રત્યે તેણે પ્રેમભાવ દાખવ્યો છે.

આંખમાં લોહી ધસી આવે ત્યાં સુધી ગૈતરું કરી એકલે હાથે કોષનું કામ પાર પાડી તેણે સવાઈ જોનસન હોવાનું પુરવાર કરી આપ્યું છે. ડૉ. જોનસન આગળ ત્રણેક ડિકસનેરીઓ હતી, નાણાંની મદદ હતી ને બારણે પ્રકાશક પણ રાહ જોતો ઊભો હતો. જ્યારે નર્મદની આંખ સામે શબ્દોના નામે અંધારું હતું ને પ્રકાશક! એ વાત જ આઉટ ઑફ કવેસ્ચ્યન ગણાય....

અન્ય કવિઓનાં પુસ્તકો પ્રગટ કરવા પાછળ તેણે આર્થિક રીતે ઘણું નુકસાન વેઠ્યું છે. જો કે તેને માટે આ લગ્ન હોબર હતી, પણ લેખકને લખવા માટે વધુ નહીં તો ફૂલ-પાંખડી જેટલો પુરસ્કાર તો આપવો જ જોઈએ એનો વિચાર સૌપ્રથમ આપણને નર્મદે આપ્યો છે. (નર્મદના આ વિચારને સામયિકના તંત્રીઓ ચુસ્તપણે વળગી રહ્યા છે– આજે ય લેખકને તે ફૂલ-પાંદડી જેટલો જ પુરસ્કાર ચૂકવે છે.)

*

કવિ કરતાં એક ગદ્યકાર લેખે તેનું કામ સમયની દૃષ્ટિએ લાંબું એટલે કે ૨૬ વર્ષનું, મજબૂત, (અમદાવાદીની ભાષામાં ટકાઉ) ને મૂલ્યવાન છે. કવિતા માટે હતો એટલો જ ઊંચો મત તેને પોતાના ગદ્ય માટે હતો. તેણે આત્મવિશ્વાસથી લખ્યું છે: 'આટલું તો હું જ ખાતરીથી કહું છું કે મારા ગદ્યની ભાષા સને ૧૮૨૧થી તે આજ દિન લગીમાં,

બહાર પડેલ જાણવાજોગ નમૂનામાંની એક છે....ભાષા પર તેની જબરી પકડ, તળપદા શબ્દોની પસંદગી ઉત્તમ, ધાનમુઆં, મૌડા, મનગમાડા, ગળકો ને મોઇસિ જેવા અસંખ્ય તળપદા શબ્દો તેણે યોગ્ય સ્થળે ને સુંદર રીતે વાપર્યા છે 'FEELING' માટેનો ગુજરાતી શબ્દ 'લાગણી' તેણે જ પ્રથમ વાર કોઈન કર્યો. આ તેની અંગત જરૂરત માટેની શોધ હશે કદાચ. (ડા. મધુસૂદન પારેખની શૈલીમાં કહીએ તો તે Feeling minister– લાગણીપ્રધાન હતો).

ગદ્યમાં તેની આગવી, પોતીકી છટા હતી. જુદા જુદા પ્રદેશની ભાષાઓ માટે તે પોતાની અસલ ભાષામાં લખે છે : 'સુરતની ભાષા કહે કંઈકિ ઠીંગણી, નાજુક ને કુમળી છે. અમદાવાદની કંઈક ઊંચી ને કઠણ છે. કાઠિયાવાડની જાડી છે ને શબ્દેશબ્દે ભાર સાથે છૂટી બોલાય છે....'

ડાહીગૌરીની હયાતીમાં તે ફરી વખત પરણવા તૈયાર થયો એ ગાળામાં ડાહીગૌરી સાથેનો તેનો સંવાદ આ લખનારના મતે ગુજરાતી ગદ્યના એક ઉત્કૃષ્ટ નમૂનો છે.

તે કહેવતો અને રૂઢિપ્રયોગોનો સારી રીતે ઉપયોગ કરી શકતો. ઉ૦ ત૦, 'સાલાં આપણું કદમ જ બખતવાર છે! જાહાં જાય ઉકો તાંહા સમુદ્દર સૂકો! આપણે જાંહાં જઇએ છે તાંહાં સાતડેસાત! પણ એમાં મારો નહીં પણ કરમનો વાંક. બંબેરાયા તો જબરા પણ બહારથી ડોળ

રાખવું, બાવાજીના બળદની પેઠે પેટમાં ખાડા પણ ફાંફાં કરતાં ચાલવું ! ....' ('કક અ જ મર ગય છ' – થી ગદ્યને નર્મદ અહીં સુધી તાણી લાવ્યો. કેટલું જોર પડયું હશે તેને !)

તેણે ૧૮૬૪ની પહેલી સપ્ટેમ્બરે 'ડાંડિયો' પાક્ષિક શરૂ કર્યું. કહેવાય છે કે 'ડાંડિયો'ની ભાષા એ યુગના કેટલાક સૌથી વધુ સુશિક્ષિતોની ભાષા છે....

જોકે નર્મદે કંઈ ગદ્ય સમૃદ્ધ કરવાના હેતુ માત્રથી, ગદ્યને ઓપ્લાઇજ કરવા 'ડાંડિયો' પત્ર શરૂ નહોતું કર્યું. જુલમવિરોધી ને સાર્વજનિક હિતની લાગણીથી પ્રેરાઈને કર્યું હતું. દંભ સામે તેને સાત જન્મોનું વેર હશે, માટે જ તે ભલભલા પાખંડીઓને કલમની ધારથી સખણા રાખતો. ચમરબંધીઓનીય 'ડાંડિયો'માં ખબર લઈ નાખતો. તે જાહેર નિવેદન કરતો કે પૈસા અને કાયદાની લાયરી ડાંડિયા આગળ ચાલવાની નથી. એકેકની વિગતવાર હકીકત સમો જોઈને આપવામાં આવશે.... લાંચિયા અમલદારો, કામાંધ શ્રેષ્ઠિઓ, દંભી વિદ્વાનો આદિ પર તે સખત સપાટા લગાવતો. લોક તેના 'ડાંડિયા'થી ધ્રૂજતા. જ્યારે કોઈ કહે કે આ તો ડાંડિયામાં છપાયું છે, ત્યારે સાંભળનાર પ્રતિભાવ આપતો : 'એમ, ડાંડિયામાં છપાયું ? તો તો સાચું જ હશે, હોં !' તેની સત્યનિષ્ઠા ને ન્યાયપ્રેમ માટે પ્રજાને આદર હતો. તે આખાબોલો હતો. સરકારી નોકરોને ઉદ્દેશીને

તેણે લખ્યું હતું : 'અરે ઓ સરકતા કોરટોનાં તથા કષ્ટમનાં ચકરાઓ તથા ટોપસીઆઓ, જાગતા રહેજો ! ડાંડિયો આજ-કાલ તમારા લાંચરુશવતના કામથી વાકેફ થતો જાય છે. તમને હિસાબમાં લાવવાને ચાંચળ ચોળી નાખવો એ તો સરખું છે ! પણ તમારી દયા આવે છે કે હું કાં તમારા પેટ પર પગ મૂકું ? પણ એ બહ્યાઓ, તમને મારવાનું પાપ નથી ! નીરલજ જરા પડદાથી તો વાત કરો, તે તમારા ઉપરીથી જરા તો બીહો ! નહીં તો તમારા આવરદાની દોરી તડતડ બોલે છે....' (આ લખાયા પછી કહે છે કે લાંચ લેનારાઓએ ખુલેઆમ, ટેબલ પર લાંચ લેવાને બદલે ટેબલ નીચેથી લેવાની શરૂ કરી હતી).

'ડાંડિયો' માત્ર થોડોક સમય ચાલેલું, પણ અનીતિ આચારનારાઓમાં તેણે આતંક ફેલાવી દીધો હતો. એક વર્ષમાં તેણે ઘણા ભ્રષ્ટાચારીઓની ચામડી ઊતરડી લીધી હતી. તે લખતો 'હમારી પાસે સ્વતંત્રતા મોટું ધન છે અને મોટી પદવી છે, જેની આગળ, ખુશામતધન અને ખુશામતપદવી કંઈ જ નથી....'

પ્રેમચંદ શેઠ જેવા મિત્રના વિરુદ્ધ લખતાંય તે અચકાયો નથી. દુર્ગારામ મહેતાજીનેય તેણે બક્ષ્યા નહોતા તો પછી દલપતરામને તો એ છોડે જ કયાંથી ! તે કશાથી લલચાતો કે ડરતો નહીં. ચોખ્ખું, એક ઘા ને બે કટકા કરે તેવું લખતો. બદનક્ષીનો કેસ કોઈ ઠોકી દેશે એવી ફિકર તેણે

કચારેક નહોતી કરી. તે લખતો : 'હમારા ઉપર લાઇબલ આવવાનો હતો, એ દહાડો કયાંથી કે હાનરેબલ મામલેદાર, ફોજદાર, તીન્નેરર, મુનસીફ, ડીપૂટી, વકીલ, સાહુકાર, મહેતા ને ડાંડિયાઓ એક જ મામેરામાં મ્હાલતા ?'

ગુજરાતીમાં રસળતી ને બળકટ શૈલીનો સૌથી પહેલો પ્રયોગ 'ડાંડિયો'માં થયો છે. પણ સારા વૃત્તપત્રની હોય છે એવી જ સ્થિતિ 'ડાંડિયો'ની હતી. તેની માત્ર ૩૦૦ નકલ છપાતી, જોકે વંચાતી ૩, ૦૦૦/ સકર્યુલેશન ઓછું, રીડરશિપ મોટી. (બરાબર 'કુમાર' જેવું) પણ તે આખા ગુજરાતમાં જાણીતું થઈ ચૂકયું હતું. નર્મદની ભાષામાં કહીએ તો 'જેમ બપૈયો મેઘને માટે આતુર હોય છે તેમ ગરીબ, તવંગર, મૂરખ, ભણેલ, સ્ત્રી ને પુરુષ સહુ પહેલી, પંદરમીના ડાંડિયા માટે વાટ જોતા બેસી રહેતા હોય છે.' 'ડાંડિયો' વંચાતું વધારે પણ ખોટેય સારી ખાતું અને જિદ્દી નર્મદ ગાંઠનું ગોપીચંદન કરીનેય નિયમિત બહાર પાડતો. 'ડાંડિયો'ના પહેલા બે અંકો તેણે ઊભી બજારે લૂંટાવી દીધા હતા. વરસદિવસનું લવાજમ ફકત એક જ રૂપિયો રાખ્યું હતું. તોય ન ચાલ્યું. બધા પડોશી પાસેથી મફત મેળવીને વાંચવાની આશા રાખતા.

નર્મદની ફરિયાદ હતી કે કેટલીક વાર તે વ્યંગમાં લખતો ત્યારે સાધારણ બુદ્ધિવાળા તેનો અર્થ ભાગ્યે જ સમજતા. (આજેય પરિસ્થિતિમાં ખાસ સુધારો થયો નથી,

અમે અમારા કાલ્પનિક અવસાનનો અહેવાલ હળવી શૈલીમાં, અમારી કેલમમાં લખ્યો હતો–એ વાંચીને બે સજ્જનો અમારે ત્યાં ખરખરે આવેલા ને અમને જીવતા જોઈને દુઃખી થયેલા.)

અને 'ડાંડિયો'ની નીડર, સત્યપ્રિયતા, તાટસ્થ્ય ને નૈતિક હિંમતની આકરી કિંમત નર્મદને ચૂકવવી પડી હતી– એટલી કિંમત તો પ્રજાએ 'ડાંડિયો' ખરીદવા પાછળેય નહોતી ચૂકવી. કેટલાક સમર્થ ને વગવાળા માણસો સાથે આ કારણે તેને અદાવત પણ થઈ હતી.

પણ નીડર પત્રકાર કોને કહેવાય, એનું આદર્શ દૃષ્ટાંત તેણે પૂરું પાડયું છે. પત્રકારે નૈતિકમૂલ્ય ઊંચું રાખવું એવો પાઠ પહેલવહેલો તેણે શીખવ્યો....

*

નર્મદને જે સમયે જે સાચું જણાય તે મુજબ પ્રામાણિકતાપૂર્વક વર્તતો ને લખતો. તેની જ્ઞાતિની-ભિક્ષુક નાગર જ્ઞાતિની-સ્ત્રીઓ અગાઉ કાંચળી પહેર્યા વગર ખુલ્લી જગ્યામાં ગૃહસ્થ સ્ત્રીઓથી અલગ બેસતી. નર્મદને લાગ્યું કે આ પ્રકારનો અન્યાયભર્યો ભેદભાવ સાંખી ના લેવાય એટલે તેણે પોતાના પરિવારની સ્ત્રીઓને કાંચળી પહેરાવી ગૃહસ્થ સ્ત્રીઓની લગોલગ બેસાડી જૂનો રિવાજ તોડાવ્યો. એ વખતે જ્ઞાતિવાળાઓએ ઊહાપોહ કર્યો હતો, પણ નર્મદે તેને

ગણુકારેલો નહીં.... કોઈ ભય કે ધમકીને વશ થઈ સત્ય લાગે તે કહેતાં નર્મદ કયારેય અટકયો નથી. બ્રિટિશ સરકાર વિરુદ્ધ લખનારાઓમાં તે પહેલો હતો. સરકાર સામે તેણે ઘણી વાર લખ્યું હતું. મલ્હારરાવ ગાયકવાડને સરકારે પદ-ભ્રષ્ટ કર્યા ત્યારે તેણે 'ગુજરાત મિત્ર'માં રાજનીતિ વિરુદ્ધ ખેંચીને લખ્યું હતું....

દેશદાઝની જોસ્સપ્રેરક કવિતાઓ તેણે કેટલી બધી લખી છે!

'ગભરાઓ નહીં હો, હમે મરીશું, દેશ રાખીશું, એમ અભિમાન કરીશું રે....'

'આમે મરવું તેમે મરવું કાં ન લડતાં મરવું? છતે જોરે ને છતે ઉપાયે કાં કેદીમાં ખપવું?'

આપણી પરાધીનતાથી પરેશાન થયેલા આ કવિએ વીરસિંહ અને સ્વતંત્રતા જેવાં દીર્ઘ કાવ્યો પણ લખ્યાં છે.... એમ થાય છે કે આટલું બધું ખુલ્લંખુલ્લા લખવા છતાં તે જેલમાં કેમ ના ગયો?.... તેની કવિતાને સરકારે કદાચ ખાસ ગંભીરતાથી નહીં લીધી હોય....

*

એક સમયે રૂઢિઓની એસીતૈસી કરનાર ને નાસ્તિકની જેમ વર્તનાર સુધારક નર્મદ પાછલી અવસ્થામાં, 'ભૂલ્યા ત્યાંથી ફેર ગણો' એમ કહેતાં અમચાયો નથી. આ જ

તેની ઑનેસ્ટી.... જુવાનીમાં લક્ષ્મી સામે આંખ માંડીને જોયું નહોતું એ જ માણસે ઉત્તરાવસ્થામાં અગિયાર વખત લક્ષ્મીદેવીની સ્તુતિ કરી હતી. (એમ તો દરિયાકિનારેથી જતાં બે વખત તેણે પારસની ઘેલછામાં, પૈસા મળશે એ આશામાં રેતી ફંફોસી હતી.... નાણાંભીડ ઓછી કરવા તેણે નાટકો પણ લખ્યાં હતાં. જેમાં ઓડિયન્સ ફેઈલ ગએલું.)

તેનામાં આંતરવિરોધી તત્ત્વો પણ જોવા મળે છે, પણ આ કારણે તે ડ્યુઅલ પર્સનાલિટી ધરાવતો હતો એવું માનવાનું મંન નથી થતું. પત્ની ડાહીગૌરી પાસે 'ખુદ્યાં ખમવા પડશે'ની જોહુકમીભરી શરત મૂકી ધણીપણું બજાવનાર તે જાહેરમાં કહેતો કે જે દાસપણું આપણા લોકોએ સ્ત્રીઓને આપ્યું છે, તેમાંથી તેમને છોડાવવી જોઈએ. પોતાનાં સંબંધવાળી સ્ત્રીઓને પુરુષો યોગ્ય છૂટ નહીં આપે ને સ્ત્રીઓ પોતાની મેળે છૂટ નહીં લે ત્યાં સુધી સ્ત્રીઓની સ્થિતિ સુધરવાની નથી.... (આ લખતાં હરિશંકર પરસાઈની એક લઘુકથા યાદ આવે છે.... સેવકજી નારી સ્વાતંત્ર્યના સમર્થક હતા. સ્ત્રીઓના સામાજિક સ્વાતંત્ર્ય માટે તે લડતા. એક સભામાં તે આક્રોશપૂર્વક બોલ્યા : 'આપણે સ્ત્રીને સ્વતંત્ર કરવી જ પડશે, તેના વ્યક્તિત્વનો પણ સ્વીકાર કરવો પડશે, સદીઓથી આપણે તેને ઘરમાં ગોંધી રાખી છે પણ હવે સમય બદલાયો છે. સ્ત્રીઓએ બહાર નીકળીને, સામાજિક કાર્યોમાં સાથ-સહકાર આપવો પડશે....' વગેરે.... વગેરે.... વગેરે.... ભાષણની બધાંએ પ્રશંસા કરી. સેવકજી

ઘેર પહોંચ્યા. થોડી વારે તેમના દીકરાએ આવીને જણાવ્યું : 'બાપુ, મારી મા 'નારી મંગલ સમિતિ'ના કાર્યક્રમમાં ભાગ લેવા જવા ઇચ્છે છે....' સેવકજીની ભૃકુટિ ખેંચાઈ ગઈ. તે ખિજાઈને બોલ્યા : 'કહી દે કે કયાંય જવાનું નથી.... મન ફાવે ત્યારે ભટકવા નીકળી પડવું છે ? લાજ-શરમ છે કે નહીં ?' દીકરો આખાબોલો હતો. તેણે કહ્યું : 'હમણાં તો તમે ભાષણમાં બોલ્યા કે સ્ત્રીઓએ ઘરની બહાર, સમાજમાં ફરવું જોઈએ....' સેવકજીએ તેને ધમકાવતાં જણાવ્યું : 'એવકૂફ, સ્ત્રીઓએ બહાર નીકળવું જોઈએ એમ કહેવામાં આવે ત્યારે તેનો અર્થ બીજાની સ્ત્રીઓએ બહાર નીકળવું એવો કરવાનો, પોતાની સ્ત્રીએ નહીં....'.)

ફરમાસુ કવિતા વિશે તે કહેતો : 'કોઈ કહે આટલી કવિતા કરી આપ ને બીજે કહે લાવ, કરી આપું છું તો આવી રીતની કવિતા કરનારે કવિનું નામ મેળવવા મોઢું ધોઈ આવવું જોઈએ. કવિતા જેને વશ છે તે કવિ નથી....' આમ ફરમાસુ કવિને તે સાચો કવિ ગણવા તૈયાર નહોતો, પણ ખુદ તેમણે જ જુદા જુદા માણસોની ફરમાઈશ પર ઘણી કવિતાઓ કર્યાનું સ્વીકાર્યું છે. દા૦ ત૦ રાણીનો પુત્ર મુંબઈ આવ્યો ત્યારે નર્મદે તેના પર ફરમાઈશથી કવિતા કરી હતી....પોતાનામાં રહેલાં વિરોધી તત્ત્વો તેના કહ્યાથી જ આપણે જાણ્યાંને !

*

'કવિ, તમે હાસ્યનું શાસ્ત્ર જ સમજતા નથી' એમ કહીને નવલરામે તેને હાસ્યનો ઔરંગઝેબ ચીતરી નાખ્યો છે. નર્મદ પરનો આ એક મોટો આક્ષેપ ગણાય. 'તારામાં હાસ્યની સમજ નથી' એમ કહેવું એને અંગ્રેજ પ્રજા તો ભૂંડામાંભાલી ગાળ માને, પણ નર્મદે આ આક્ષેપનેય હસી નાખેલો. પ્રકૃતિએ તે ગંભીર હતો. પણ તેનામાં હાસ્ય-કટાક્ષની શક્તિ સારી હતી. ફાર્સ માટે પ્રહસન શબ્દ તેણે પહેલી વાર વાપર્યો હતો.

અન્ય શક્તિઓની જેમ પોતાની હાસ્ય-વ્યંગની શક્તિ-પર તેને ઊંડો વિશ્વાસ હતો. તેણે જાહેર કર્યું હતું : 'ઘણો રસિક છઉં એટલે વેળાએ લોકનું મન દુખવી ઘણાઓને ખડખડ હસાવ્યા વિના રહેવાનો નથી.' જોકે આ લખ-નારના મતે નર્મદના હાસ્યમાં હાસ્ય કરતાંય ઇન્વેક્ટિવ અને લેમ્પૂનનાં તત્ત્વો વિશેષ રહેતાં. જેમ કે : 'કવિ દલપતરામ સટ્ટામાં અટવાયા ત્યારે તેમના પર કટાક્ષ કરતાં 'ડાંડિયો'માં તેમને ગરીબી ભટ્ટના, શીર્ષક હેઠળ તે કહે છે : 'પેલો ગરીબી ભટ્ટ, ભાટાઈ કરીને અને ભીખ માગી માગીને થાકયો ત્યારે હવે સટ્ટાના સટ્ટાનો માર્યો નીતિબીતિની વાતો લખવી એક કોરે મૂકી દઈ એકદમ લખેસરી થવાના સનેપાતમાં હવાતિયાં મારે છે....'

દુર્ગારામ મહેતાજી સામે કટાક્ષનું તીર છોડતાં તેણે લખ્યું છે : 'મહેતાજી સાહેબ, તમારું મૂંછ મૂંડાવેલું અને

છાણુ-મૂતર મ્હોડામાં ઘાલતી વખતનું સ્વરૂપ હમે કમનસીબ ડાંડિયાઓના જોવામાં નહીં આવ્યું અને હમે ઘણા દલગીર છયે....' જોકે તેના હાસ્ય-કટાક્ષની પાછળનો હેતુ સમાજ-સુધારણા હોવાનું જોઈ શકાય છે.

તે કહેતો કે મારી કવિતા દર્દથી ભરેલી છે એટલે હાસ્યરસ હોય જ નહીં, તેમ કવિતાને હું ગંભીર વિષય સમજું છું માટે તેવું તેમાં લખ્યું નથી, બાકી હાસ્યરસ પ્રૌઢ રીતે હું કેટલો ઉપજાવી જાણું છું તે મારા ગદ્યની અને જેઓએ મને વાતચીત કરતાં જોયો હશે તે સહુ સારી પેઠે જાણે છે. બાપર્ડએ પણ આ વાતની શાખ પૂરી છે. તેના પત્રલેખન ને વાતચીતમાંથી હાસ્યરસ પ્રગટતો જોઈ શકાય છે. ઇનામ માટે લખેલો તેનો એક નિબંધ નાપાસ થતાં તેણે નંદશંકર મહેતા પર વીરરસથી ભરપૂર એક પત્ર લખેલો ને ગેરસમજ દૂર થતાં હાસ્યરસના સહારાથી લખેલ એક પત્રનો અંશ : 'બુલ્લા મનને અગર કદી બહારથી મેલ વળ્યો હોય તો તે કહાડવાને નિર્મળ પાણી જ બસ છે. ચરબીવાળા સાબુની જરૂર નથી; તો વળી મોંઘા અંગ્રેજી સાબુનું શું કામ છે ? ને એમ કરતાં સાબુની જરૂર હશે તો વિવેકના ભાવે અથવા દયાના ભાવે અથવા મોટાઈમાં મહેનત લઈ સાબુથી મેલ ધોઈ શકશો....'

'ડાંડિયો'માં તેણે રસિકજનને પ્રીતિસંબંધી પ્રશ્નો પૂછી નિર્દોષ આનંદ બાતર કેટલાક પ્રશ્નો પૂછ્યા છે. દાખલા તરીકે : ઇન્દ્ર સ્વર્ગમાં ઇન્દ્રાણી સાથે ને ભૂંડ ઉકરડામાં

ભૂંડણ સાથે સુખ ભોગવે છે એ બેના સુખમાં તફાવત શું? ....પ્યારનો બળેલો પુરુષ શી રીતે ઓળખાઈ જાય છે? હંમેશાં સ્ત્રી વફાદારીમાં રહેવું અને તલવારની ધાર પર સૂવું એ બે સરખી વાત છે કે નહીં?

સામાન્ય વાતચીતમાં પણ તે રમૂજ કરી શકતો. એક દિવસ ભાષણમાં નર્મદ અને તેના પિતા અને ડૉકટર ભાઉદાજી ભેગા થઈ ગયા. ડૉ. ભાઉદાજીએ નર્મદના પિતા લાલશંકરને કહ્યું: 'આજકાલ તમારા છોકરા કવન પર ઠીક ચડી ગયા છે.' ત્યારે લાલશંકર એમ સમજ્યા કે દીકરો પવન પર ચડયો છે અને તે કંઈ જવાબ દેવા જતા હતા ત્યાં જ નર્મદે પિતાને જણાવ્યું: 'ભાઈ, તમે ગભરાશો નહીં, પવન પર ચડયો હોઈશ તો પણ ડાક્તર પાસે છે એટલે તમારે ફિકર કરવા જેવું નથી....'

પણ ખરું પૂછો તો આ તેની પ્રકૃતિ તો નહોતી જ. તેણે જ લખ્યું છે:

'રડવામાં રસ ગુણ બહુ, હસવામાં છે હાનિ,
હસવે રીઝવે મૂર્ખ પણ, રડવે રીઝે જ્ઞાનિ'....!

એકબીજાનાં મિત્ર ને શત્રુ એવાં હાસ્ય, કરુણ, વીર ને શૃંગાર જેવા અનેક રસ તેણે લેખનમાં જ નહીં, જીવનમાંથી પણ પ્રગટાવ્યા છે. ગુજરાતી સાહિત્યનું આ જબરજસ્ત કેરેકટર છે એમાં બે મત નથી....

કવિ નર્મદના જીવનની કેટલીક મહત્ત્વની ઘટનાઓ

૧૮૩૩ ઑગષ્ટ ૨૪ – જન્મ.

૧૮૩૭ એપ્રિલ ૨૫ – સુરતની મોટી આગમાં આમલીરાનમાંનાં બાપદાદાનાં મકાન બળી ગયાં.

૧૮૩૮ મુંબઈમાં નાના મહેતાની નિશાળે; સુરતમાં દુર્ગારામ મહેતાજીની નિશાળે અને અમુક વખત પ્રાણશંકર મહેતાજીની નિશાળે.

૧૮૪૧ જનોઈ આપી.

૧૮૪૪ એપ્રિલ ૨૬—શાસ્ત્રી સૂરજરામની પુત્રી ગુલાબ સાથે લગ્ન.

૧૮૪૫ જાન્યુઆરી ૬–મુંબઈની અંગ્રેજી સ્કૂલ એલ્ફિ, ઇન્સ્ટિટમાં દાખલ.

૧૮૫૦ જૂન–કૉલેજમાં દાખલ–જુવાન પુરુષોની અન્યોઅન્ય ઉ૦ વ૦ સભા; 'મંડળી મળવાથી થતા લાભ' ભાષણ.

૧૮૫૦ નવેમ્બર ૨૩–માતાનું અવસાન.

૧૮૫૧ મે ૧–રાંદેરમાં શિક્ષક તરીકે નિયુક્તિ; સુરતમાં દલપતરામે હુન્નરખાનની ચઢાઈનું ભાષણ વાંચ્યું.

૧૮૫૧ જુલાઈ ૪–'મંડળી મળવાથી થતા લાભ' નિબંધ સુરતમાં 'સ્વદેશ હિતેચ્છુ' મંડળી સમક્ષ વાંચ્યો.

૧૮૫૩ માર્ચ–નાનપરાની નિશાળમાં બદલી.

૧૮૫૩ ઑક્ટોબર ૪–પ્રથમ પત્ની ગુલાબનું મૃત્યુ.

૧૮૫૪ જાન્યુ. ૨–નોકરી છોડીને મુંબઈ ગયા.

૧૮૫૫ સપ્ટેમ્બર સુધી–ધુંધવાર તરંગ, 'લાલાજી' અંગ્રેજીમાં સોએક લીટી કવિતાની લખીને પ્રો૦ રીડને બતાવી, જે રીડે હસી કાઢેલી.

૧૮૫૫ સપ્ટેમ્બર ૨૧–પહેલું પદ રચ્યું. ચલિતવૃત્તિ સ્થિર.
– મુ૦ વ૦ સભામાં વ્યભિચાર ને રંડીબાજી ન કરવા વિશે નિબંધ વાંચ્યો.

૧૮૫૬ મે–ત્રિપુરાનંદ શાસ્ત્રીની પુત્રી ડાહીગૌરી સાથે લગ્ન.

૧૮૫૬ ઑગષ્ટ ૧૯–કૉલેજનો અભ્યાસ છોડ્યો.

૧૮૫૭ માર્ચ–'પિંગળપ્રવેશ' રચ્યું ને તે પિતાને અર્પણ.

૧૮૫૮ નવેમ્બર ૨૩–નોકરીમાંથી રાજીનામું દઈ 'કલમને ખોળે' માથું મૂકયું.

૧૮૫૯ જૂન ૧૮–વાલકેશ્વરમાં દલપતરામ સાથે પ્રથમ મેળાપ.
– કુટુંબની સ્ત્રીઓને કાંચળી પહેરીને નાતમાં જમવા મોકલી
– પોતે સુધારાવાદી થયો.

૧૮૬૦ – મહીપતરામનું વિલાયતગમન.
– જદુનાથજી મહારાજ સાથે વિધવાવિવાહ અંગે ચર્ચા.
– વિધવા દિવાળીનું ગણપત સાથે પુનર્લગ્ન કરાવ્યું.
– ડાહીગૌરી સાસરે રહેવા આવ્યાં.

૧૮૬૧– વિલાયતથી પાછા આવેલ મહીપત સાથે ભોજન.
– મહારાજ લાઈબલ કેસ.

૧૮૬૩– ફેબ્રુઆરી ૩–ઇન્કમટેકસથી કમિશનર કર્ટિસની સરઆર્જ અંગે મુલાકાત.
૧૮૬૩– સપ્ટેમ્બર–'ડાંડિયો' પત્ર શરૂ કર્યું.
૧૮૬૪– જાન્યુઆરી ૧૮–પિતાનું ૫૬ વર્ષની ઉંમરે મૃત્યુ. ઘરની દેવપૂજા પડોશીને ત્યાં પધરાવી દીધી.
૧૮૬૫ જુલાઈ – સુરતમાં નિવાસ. પોતાની જ્ઞાતિની વિધવા સવિતા-ગૌરીને પડોશમાં ઘર લઈને આશરો આપ્યો.
૧૮૬૬ ઑગષ્ટ ૧૯–નાતબહાર.
– નવેમ્બર ૨૧–નાતમાં પાછા.
– 'મારી હકીકત' લખી.
– 'નાયિકા વિષય પ્રવેશ' ડાહીગૌરીને અર્પણ.
૧૮૬૭ નવેમ્બર ૭–દસ હજાર રૂપિયાના દેવા વિશે વલોપાત.
૧૮૬૯ સ્વજ્ઞાતિની બીજી વિધવા નર્મદાગૌરી (સુભદ્રા) સાથે ખાનગીમાં લગ્ન.
૧૮૭૫– આર્યસમાજના સ્થાપક દયાનંદ સરસ્વતી સાથે ચર્ચા.
– પુત્ર જયશંકરનો જન્મ.
૧૮૭૮– આર્યનીતિદર્શક મંડળીએ 'શ્રી દ્રૌપદીદર્શન' નાટક ભજવ્યું.
૧૮૭૯– ભક્ષ્યાભક્ષ્ય વગેરે વિશે આચાર પાળવાનું નક્કી કર્યું. સૂર્યગ્રહણ પાળ્યું.
૧૮૮૦– જયશંકરને જનોઈ દીધું, પોતે પૂરા આસ્તિક થયા.
૧૮૮૨– ગો૦ તે૦ ધર્મખાતાના સેક્રેટરી તરીકે નિમણૂક.
૧૮૮૫ જુલાઈ ૧૯–ધર્મખાતાની નોકરી છોડી.
૧૮૮૬ ફેબ્રુઆરી ૨૬–અવસાન.

કવિ નર્મદ રચિત ગ્રંથોની સૂચિ

— કવિતા —

નર્મકવિતા અંક ૧–૨	૧૮૫૮
નર્મકવિતા અંક ૩	૧૮૫૮
નર્મકવિતા અંક ૪ થી ૮	૧૮૫૯
નર્મકવિતા અંક ૯–૧૦	૧૮૬૦
ઋતુવર્ણન	૧૮૬૧
નર્મકવિતા પુ. ૧	૧૮૬૨
નર્મકવિતા પુ. ૨	૧૮૬૩
હિંદુઓની પડતી	૧૮૬૪
નર્મકવિતા (સંગ્રહ)	૧૮૬૪
ગીતાવલી અંક ૧	૧૮૬૫
નર્મકવિતા પુ. ૨ અંક ૩	૧૮૭૦

— કાવ્ય સંપાદન —

મનહરપદ (મનોહરસ્વામીનાં પદો)	૧૮૬૦
દયારામકૃત કાવ્યસંગ્રહ (નાનો)	૧૮૬૦
દયારામકૃત કાવ્યસંગ્રહ (મોટો)	૧૮૬૫

નાગરસ્ત્રીઓમાં ગવાતાં ગીત ૧૮૭૦

(રીત કથન સાથે)

પ્રેમાનંદકૃત દશમસ્કંધ ૧૮૭૨
પ્રેમાનંદકૃત નળાખ્યાન ૧૮૭૫

— નાટક —

કૃષ્ણકુમારી ૧૮૬૦
રામજાનકીદર્શન ૧૮૬૭
દ્રૌપદીદર્શન ૧૮૭૮
સીતાહરણ ૧૮૭૮
શ્રી સારશાકુન્તલ ૧૮૮૧
બાળકૃષ્ણવિજય ૧૮૮૬

— નિબંધ —

નર્મગદ્ય પુ. ૧ ૧૮૬૫
નર્મગદ્ય પુ. ૨ અંક, ૧૮૬૫
(સુરતની મુખ્તેસર હકીકત)
નર્મગદ્ય પુ. ૨ અંક ૨ ૧૮૬૬
(મારી હકીકત)
નર્મગદ્ય ૧૮૭૪
નર્મગદ્ય (સરકારી) ૧૮૭૫
ધર્મવિચાર ૧૮૮૬

— ઇતિહાસ —

મહાદર્શન-૧	૧૮૭૪
(જગતના પ્રાચીન ઇતિહાસનું સમગ્ર દર્શન)	
રાજ્યરંગ	૧૮૭૪
(જગતનો પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસ)	
રાજ્યરંગ ભા. ૨	૧૮૭૬
કાઠિયાવાડ સર્વસંગ્રહ	૧૮૮૭
ગુજરાત સર્વસંગ્રહ	૧૮૮૭

— કાવ્યશાસ્ત્ર —

પિંગળપ્રવેશ	૧૮૫૭
અલંકારપ્રવેશ	૧૮૫૮
રસપ્રવેશ	૧૮૫૯
નાયિકા વિષય પ્રવેશ	૧૮૬૬

— વિવેચન —

કવિચરિત્ર	૧૮૬૫
કવિ અને કવિતા અંક ૧-૨-૩	૧૮૬૫

— કોશ —

નર્મકોશ અંક ૧	૧૮૬૧
નર્મકોશ અંક ૨	૧૮૬૨

અંગ્રેજી-ગુજરાતી લઘુકોશ ૧૮૬૨
(અરદેશર અને નાનાભાઈ સાથે)
નર્મકોશ અંક ૩ ૧૮૬૪
નર્મકોશ અંક ૪ ૧૮૬૬
નર્મકથાકોશ ૧૮૭૦
નર્મકોશ (મોટો) ૧૮૭૩

— વ્યાકરણ —

નર્મવ્યાકરણ ભાગ. ૧ વર્ણવિવેક ૧૮૬૫
નર્મવ્યાકરણ ભા. ૨ શબ્દવિવેક ૧૮૬૬

— અનુવાદ —

શ્રીમદ્ ભગવદ્ગીતા (સંસ્કૃતમાંથી) ૧૮૮૨
દેશવ્યવહારવ્યવસ્થા (મરાઠીમાંથી) ૧૯૧૧

- 3 FEB 2002
3 MAY 6u -29
3 MAR 2000

પરત તારીખ	પરત તારીખ	પરત તારીખ	પરત તારીખ

423.417
ક્ર
2555

- 3 FEB
- 3 M

ગાંધીજી : જીવન અને કાર્ય